સુવિચાર
''દુનિયા માટે આપણે એક વ્યક્તિ છીએ, પણ પરિવાર માટે તો આખી દુનિયા.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૦૧/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ પોષ વદ-૧૪ વર્ષ : ૧૭ અંક : ૦૩૦

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

## કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ બાદ ભાજપની વિદ્યાર્થી પાંખે હલ્લાબોલ કરતાં

# અંતે ગિરિશ ભીમાણી વિરૂધ્ધ પોલીસમાં અરજી દાખલ

- છેલ્લા ૩ દિવસથી ભારે ચકચારી બનેલ વિધાસભાનાં તત્કાલીન નિયામક વિરૂધ્ધ લેખિતમાં ફરિયાદ કરાઈ
- મહિલા સશક્તિકરણનાં દાવાઓ વચ્ચે શાસક પક્ષનાં એકપણ મહત્વનાં આગેવાનો કશું જ બોલતા નથી
- યુવાનો દ્વારા હલ્લાબોલ અને મીડિયામાં અહેવાલ પ્રસિધ્ધ થયા બાદ ટ્રસ્ટીઓ આગળ આવ્યા
- તમામ શિક્ષણપ્રેમીઓએ પણ આ મામલે આગળ આવવાની જરૂર છે



અમરેલી, તા. ૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં પૂર્વ કુલપતિ અને જિલ્લા વિદ્યાસભામાંથી હાંકી કઢાયેલ પૂર્વ નિયામક ગિરિશ ભીમાણી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઈ અને ભાજપની વિદ્યાર્થીની પાંખ એબીવીપી ધ્વારા કરવામાં આવ્યા બાદ અંતે આજે વિદ્યાસભાનાં ટ્રસ્ટી ધ્વારા પોલીસ સ્ટેશનમાં લેખિતમાં ફરિયાદ અરજ કરવામાં આવેલ છે. જો કે સત્તાધારી પક્ષનાં એકપણ આગેવાન મહિલા સશક્તિકરણનાં દાવા વચ્ચે આ પ્રકરણને લઈને કોઈ નિવેદન આપતા નથી.
સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને ત્યાર બાદ અમરેલી વિદ્યાસભાના કોલેજ વિભાગનાં કેમ્પસ ડાયરેકટર તરીકે જોડાયેલા ગિરીશ ભીમાણીના કાળા કરતૂતો અમરેલી એ.બી.વી.પી. દ્વારા જાહેર કરવામાં

અનુસંધાન પાના ૬ ઉપર

### મગનો ભાવ પ્રતિ મણ ૧૭૫૫ અને તુવેરનો ભાવ ૧૩૯૦

## અમરેલીનાં માર્કેટયાર્ડમાં સિઝનનાં નવા ઘઉં, મગ અને તુવેરની આવક શરૂ

### ઘઉંનો પ્રતિ મણનો ભાવ રૂપિયા ૫૭૦ થયો

અમરેલી, તા. ૧૬
અમરેલીમાં સાવરકુંડલા રોડ ખાતે બનેલ સરદાર વલ્લભભાઈ પટેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ—અમરેલી, નવા માર્કેટયાર્ડમાં તા. ૧૬/૧/૨૦૨૬ને શુક્રવારનાં રોજ સિઝનના નવા ઘઉં, મગ અને નવી તુવેરની આવક શરૂ થઈ હતી. જેમાં

અનુસંધાન પાના ૬ ઉપર

જોઇએ છે
પેટ્રોલ પંપ માટે ડિઝલ, પેટ્રોલ ભરી શકે તેવા ઉત્સાહી લેડીઝ / જેન્ટસ ની જરૂર છે
આર.ડી. પેટ્રોલ પંપ
એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.
મો. ૭૭૨૬૧ ૨૭૭૭૭

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,28,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૬/૦૧/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજીથી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમાધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
ડો.અભિષેક ઠાકર
આંખના સર્જન
ડો.સોનલબેન ઠાકર
ડેન્ટલ સર્જન
ડો.હર્ષિત ઠાકર
RAHEJA QBE, bharti AXA, Universal Sompo, HDFC ERGO, Medi Assist, ICICI Lombard, ACKO, RELIANCE, SBI general, STAR, TATA AIG, care, ADITYA BIRLA GROUP, digit, FUTURE GENERALI, Liberty, ZURICH kotak
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Franchise Development Manager - 1
Experience : 1-2 Years
• Sales & Marketing Officer - 2
Experience : 1-2 Years
• Night Billing Executive - 2
Experience : 1-2 Years
• Reporting Manager - 2
Experience : 1-2 Years
• Junior Accountant - 1
Experience : 1-2 Years
• Trainer – 1
Experience : 1-2 Years
Location :
Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો.સાગર બરાસરા
એન્ડોકાઈનોલોજીસ્ટ
તા.૧૭/૦૧/૨૦૨૬ - શનિવારે, સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડો.મૈત્રેય જોષી
યુરોલોજીસ્ટ એન્ડ એન્ડ્રોલોજીસ્ટ
કિડની, પથરી અને વ્યંધત્વના રોગોના નિષ્ણાંત
તા.૧૭/૦૧/૨૦૨૬ - શનિવારે, સાંજે ૦૪:૦૦ થી ૦૬:૦૦
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોકાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડ્યા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

## જિલ્લાનાં મુખ્ય મથક અમરેલી શહેરમાં મોટાભાગનાં નિયમોનો ઉલાળીયો

# સબ ભૂમિ ગોપાલ કી : ગમે ત્યાં હોર્ડિંગ લગાવો કોઈ પુછવાવાળુ જ નથી

**શહેરમાં મનફાવે ત્યાં મંજૂરી વગર શહેરીજનો માટે જોખમી બને તે રીતે હોર્ડિંગ લગાવી દેવામાં આવે છે**

**હોર્ડિંગ માટે જમીનથી લઈને જરૂરી તમામ મંજૂરી લેવાની મોટાભાગનાં હોર્ડિંગધારકો તસ્દી લેતા નથી**

**શહેરનાં ઠેબી જળાશય નજીક ભયાનક ગોળાઈ ઉપર સિંચાઈની જમીન ઉપર હોર્ડિંગની ફ્રેમ ઉભી કરાઈ**

**પાલિકાથી લઈને લાગતા વળગતા વિભાગોમાં હોર્ડિંગને લઈને કોઈ જાગૃતિ જ જોવા મળતી નથી**






અમરેલી, તા. ૧૬

અમરેલી એ જિલ્લાનું મુખ્ય શહેર હોય અને આ શહેરમાં "સબ ભૂમિ ગોપાલ કી" સમજીને મનફાવે ત્યાં દબાણ કરો કોઈ સરકારી વિભાગ કોઈ કાર્યવાહી જ કરતો ન હોવાથી દબાણકર્તાઓની હિંમત સતત વધી રહી છે.

શહેરમાં આડેધડ રેંકડીઓ, કેબિનો રાખો, મનફાવે ત્યાં ગાડી પાર્ક કરો, ફૂટપાથ દબાવો, દુકાનોનો સરસામાન જાહેર માર્ગ પર રાખો તંત્રનો કોઈ ડર જ રહ્યો નથી.

અધુરામાં પુરૂ થોડા મહિનાઓથી ખાનગી વેપારીઓ, અન્ય કોઈ વ્યકિતઓ ધ્વારા વીજપોલ ઉપર પણ જાહેર ખબરનાં હોર્ડિંગ લગાવી દેવામાં આવી રહ્યા છે અને હવે, ઠેબી જળાશય નજીક ભયજનક વળાંકનો નાળા પાસે સિંચાઈ વિભાગ હસ્તકની જમીન ઉપર હોર્ડિંગ લગાવવાની તૈયારીનાં ભાગરૂપે ફ્રેમ ઉભી કરી દેવામાં આવી છે. તો બીજી બાજુ પણ સિંચાઈ વિભાગ હસ્તકની જમીન ઉપર પણ હોર્ડિંગની હારમાળા જોવા મળી રહી છે.

મંજૂરી વગર લાગેલ હોર્ડિંગ કોઈ ઘટનાથી જમીન દોસ્ત થાય કે અન્ય કોઈને નુકસાન કરે તો જવાબદારી કોની રહેશે તેની કોઈને ખબર નથી. પાલિકાથી લઈને લાગતા વળગતા વિભાગે એક ખાસ ટીમની રચના કરીને કયાં કયાં હોર્ડિંગ નિયમ મુજબ અને કયાં હોર્ડિંગ નિયમ વિરૂધ્ધ લાગેલ છે તેનું સર્વે કરીને નિયમ વિરૂધ્ધ લાગેલ તમામ હોર્ડિંગ દૂર કરીને હોર્ડિંગ લગાવનાર વિરૂધ્ધ નિયમાનુસાર કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

### ૮થી ૧૦ વ્યકિત વિરૂધ્ધ ફરિયાદ

## જાફરાબાદનાં બાબરકોટ ગામે પતંગ ચગાવવા બાબતે બઘડાટી બોલી

**પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૬

જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામે રહેતાં આરોપી કિશોરભાઈ હરિભાઈ સાંખટ, દિપકભાઈ પુનાભાઈ મકવાણા, સંતોષભાઈ બાબુભાઈ સાંખટ તથા બાબુભાઈ પુનાભાઈ સાખટે તે જ ગામે રહેતાં કમુબેન કનુભાઈ મકવાણા નામનાં ૪૦ વર્ષીય મહિલાના ઘરમાં પ્રવેશ કરી પતંગ ચગાવવાની ના પાડતા આરોપીઓ સારૂ નહી લાગતા મહિલાને ભુંડી ગાળો દઈ ઘરેથી જતા રહેલ હતાં. બાદમાં સાંજના આરોપીએ મહિલાના ઘર પાસે આવી મહિલાનો દીકરો ગોપાલ તથા દીકરી સુમીતાને ઢીકાપાટુનો માર મારી શરીરે મુંઢ ઈજા કરી હતી. ત્યાર બાદ થોડીવારમાં આરોપીઓએ મહિલા તથા જગાભાઈને ઢીકા પાટુનો માર મારી હાથમાં ઈજા કરી હતી. મહિલા ઉપર નિર્લજ હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

તો આ જ બનાવમાં સંતોષભાઈ બાબુભાઈ સાંખટે પણ સામાવાળા આરોપી હરેશભાઈ ડાયાભાઈ મકવાણા, લાલાભાઈ હમીરભાઈ મકવાણા, નવલભાઈ બુધાભાઈ મકવાણા, કાળુભાઈ નાજાભાઈ મકવાણા, નવલભાઈ ડાયાભાઈ મકવાણા તથા મીતીયાળા ગામના ૩ થી ૪ માણસો સામે પોલીસ ફરિયાદ કરતાં જણાવેલ છે કે, તેમનાં મોટા બાપુના દિકરા કિશોરભાઈ સાથે પૈસાની લેતી–દેતી બાબતે આરોપીઓ સાથે માથાકુટ થયેલ હોય તે વાતનું મનદુઃખ રાખી આરોપીઓએ તેમનાંના મોટાબાપુના ઘર પાસે ઝઘડો કરતી વખતે તેમને તથા તેમની બહેન કમુબેનને માથાના ભાગે લાકડીનો ઘા મારી મુંઢ ઈજા કરેલ તેમજ તેમની મોટીમાં દેલુબેનને લાકડી વડે આડેધડ મુંઢ માર મારી ઈજા કરેલ. આ દરમ્યાન બીજા આરોપીએ આવી ઝપાઝપી કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની સામી પોલીસ ફરિયાદ નોંધાવી છે.

### ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા ગ્રામ્ય વિકાસને વેગ

## લાઠીના દુધાળા ગામે રૂા. ૭૦ લાખના ખર્ચે સુવિધાપથ

**ગામજનોમાં ખૂશીનો માહોલ છવાયો**

અમરેલી, તા. ૧૬

લાઠી તાલુકાના દુધાળા ગામે રાજય સરકાર દ્વારા રૂ. ૭૦ લાખના ખર્ચે સુવિધાપથ (સી.સી. રોડ) મંજૂર કરવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ વિકાસ કાર્ય માટે સ્થાનિક ધારાસભ્યની સતત રજૂઆત અને પ્રયત્નો ફળ્યા હોવાનું ગ્રામજનોમાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળી રહી છે.

દુધાળા ગામે વસવાટ કરતા નાગરિકો, ખેડૂતો, વિદ્યાર્થીઓ તેમજ વેપારીઓને વર્ષોથી ખરાબ માર્ગોના કારણે અવરજવર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી. ખાસ કરીને વરસાદી ૠતુ દરમિયાન કાચા તથા જર્જરિત રસ્તાઓ કારણે રોજિંદી આવાગમન, શાળા–કોલેજ, આરોગ્ય સેવા તથા ખેતી સંબંધિત વાહન વ્યવહાર અસરગ્રસ્ત થતો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખી ધારાસભ્ય જનક તળાવીયાએ સરકાર સમક્ષ વારંવાર



રજૂઆત કરી હતી.

ધારાસભ્યની સક્રિય આગેવાની અને વિકાસલક્ષી અભિગમના પરિણામે રાજય સરકારે રૂ. ૭૦ લાખના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ સી.સી. રોડને મંજૂરી આપી છે. આ માર્ગ બનવાથી ગામના આંતરિક રસ્તાઓ મજબૂત બનશે, ટ્રાફિક સુવ્યવસ્થિત થશે અને ગ્રામજનોને વર્ષો સુધી ટકાઉ અને સુરક્ષિત માર્ગ સુવિધા પ્રાપ્ત થશે.

## જીથુડી ગામે રૂા. ૨૬ લાખના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત




અમરેલી, તા. ૧૬

જીથુડી ખાતે ગામના સર્વાંગી વિકાસને આગળ ધપાવવાના ઉદ્દેશ્ય સાથે વિવિધ વિકાસ પ્રકલ્પોના ખાતમુહૂર્ત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કૌશિક વેકારીયાની ઉપસ્થિતિમાં અંદાજિત રૂ. ૨૬ લાખના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

આ વિકાસ પ્રકલ્પોમાં ગામની આંતરિક સુવિધાઓ મજબૂત બને તેવા કામોનો સમાવેશ થાય છે, જેમ કે રસ્તા સુધારણા, નિકાસ વ્યવસ્થા, જાહેર સુવિધાઓનું વિકાસ તેમજ અન્ય આવશ્યક માળખાકીય કાર્યો. ગ્રામજનોને દૈનિક જીવનમાં વધુ સુવિધા મળે અને ગામનું આધુનિકીકરણ થાય તે દિશામાં આ પ્રકલ્પો મહત્વપૂર્ણ સાબિત થશે.

ખાતમુહૂર્ત પ્રસંગે મંત્રી કૌશિક વેકારીયાએ જણાવ્યું હતું કે ગ્રામ વિકાસ સરકારની પ્રાથમિકતા છે અને ગામડાં મજબૂત બનશે તો જિલ્લાનો સર્વાંગી વિકાસ શક્ય બનશે. તેમણે ઉમેર્યુ કે વિકાસ કાર્યોમાં ગુણવત્તા અને પારદર્શિતા જળવાઈ રહે તે માટે ખાસ ધ્યાન આપવામાં આવશે.

કાર્યક્રમ દરમિયાન ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ, સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. વિકાસ કાર્યોની શરૂઆતથી જીથુડી ગામમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને ગ્રામજનોએ આ પહેલને આવકારી હતી.

### એસપીની સુચનાથી એલસીબીની કાર્યવાહી

## ઉનામાં રૂપિયા ૧,૩૭ લાખની લુંટ ચલાવનાર બે આરોપીઓ ઝડપાયા

**હિંડોરણા ચોકડી નજીકથી આરોપીને દબોચી લેવાયા**

અમરેલી, તા. ૧૬

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા અમરેલી જિલ્લાની આજુબાજુના જિલ્લાઓમાં ગંભીર પ્રકારના ગુનાઓ આચરી ફરાર થઈ અને અમરેલી જિલ્લામાં પ્રવેશ કરતા ઈસમો ઉપર વોચ રાખી આવા ગુન્હેગારોને પકડી પાડવા તેમજ તેમના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.બી. ટીમ અમરેલી જિલ્લાના મુખ્ય હાઈવે માર્ગો ઉપર પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન ગઈ તા.૧૩/૧નાં રોજ રાજુલા, હીંડોરડા ચોકડી, હાઈવે રોડ ઉપર પેટ્રોલીંગ દરમિયાન બાતમીના આધારે ઉના ગામે રહેતાં કૃણાલ ઉર્ફે સુજલ રવીભાઈ બાંભણીયા તથા સીધ્ધાર્થ રાજુભાઈ બાંભણીયા નામનાં બે ઈસમોને બુલેટ



મોટર સાયકલ સાથે શંકાસ્પદ રોકડ રકમ સાથે પકડી પાડી, મજકુર બન્ને ઈસમોની સઘન પુછપરછ દરમિયાન ઉના ગામે એક માણસ પાસેથી રોકડ રૂપિયા ૧,૩૭,૦૦૦ની લુંટ કરી ફરાર થઈ ગયેલ હોવાની કબુલાત આપતા, લુંટમાં ગયેલ ૧૦૦% રકમ કબ્જે કરી, મજકુર બન્ને ઈસમો વિરૂપ્રધ કાયદેસરની કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા કબ્જે કરેલ રોકડ રકમ તથા વાહન સહિતનો મુદ્દામાલ ઉના પોલીસ સ્ટેશન સોંપી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

## ધારી : દેવળા ગામે રૂા. ૧ કરોડની નવી પ્રાથમિક શાળાનું ખાતમુહુર્ત, વિકાસ કાર્યોને વેગ

અમરેલી, તા. ૧૬

દેવળા ખાતે શિક્ષણ અને માળખાકીય વિકાસને આગળ ધપાવતાં મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારી તાલુકાના દેવળા ગામે રૂ. ૧ (એક) કરોડના ખર્ચે બનનાર નવી પ્રાથમિક શાળાનું તથા ધારાસભ્ય ગ્રાન્ટમાંથી પ્રાથમિક શાળા ચોકથી પાટી વાળા રસ્તે રૂ. ૫ (પાંચ) લાખના ખર્ચે પેવિંગ બ્લોકના કામનું ખાતમૂહુર્ત ધારીના લોકપ્રિય ધારાસભ્ય જે.વી. કાકડીયાના હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે દાનમહારાજની જગ્યાના લઘુમહંત મહાવીરબાપુ, ધારી તાલુકા પંચાયત પ્રમુખ ઘનશ્યામભાઈ



હીરપરા, તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન બિચ્છુભાઈ વાળા, તાલુકા ભાજપ મહામંત્રી મુકેશભાઈ રૂપારેલિયા સહિત અનેક આગેવાનોની ઉપસ્થિતિ રહી હતી. ઉપરાંત તાલુકા પંચાયત સદસ્યો, ભાજપના પદાધિકારીઓ, દેવળા અને આસપાસના ગામોના સરપંચો, માજી સરપંચો તેમજ ગામના આગેવાનો અને શાળા પરિવાર મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ધારાસભ્ય જે.વી. કાકડીયાએ જણાવ્યું હતું કે નવી પ્રાથમિક શાળા બનવાથી ગામના બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ માટે ઉત્તમ સુવિધા મળશે અને પેવિંગ બ્લોકના રસ્તાથી ગ્રામજનોને આવનજાવનમાં સહેલાઈ થશે. કાર્યક્રમ દરમ્યાન સમગ્ર ગામમાં ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

# અમરેલી જિલ્લા ભાજપ દ્વારા મહારાષ્ટ્રમાં વિજય મળતા વધામણા






મહારાષ્ટ્રમાં યોજાયેલી ૨૯ કોર્પોરેશનઓની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી અને સાથી પક્ષોના પ્રચંડ વિજયને વધાવવા માટે આજે અમરેલી જિલ્લા ભાજપ દ્વારા ભવ્ય વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો. ખાસ કરીને મુંબઈ, નાગપુર અને પૂણે મહાનગરપાલિકામાં ભાજપે મેળવેલી ઐતિહાસિક જીતને પગલે અમરેલીના કાર્યકરોમાં ભારે હર્ષની લાગણી જોવા મળી હતી. મહારાષ્ટ્રની ૨૯ પાલિકાઓમાંથી ૨૪થી વધુ પાલિકામાં ભાજપ અને સાથી પક્ષોએ સ્પષ્ટ બહુમતી મેળવી છે. મુંબઈ મહાનગરપાલિકાની કુલ બેઠકો પૈકી ભાજપ અને સાથી પક્ષોએ ૧૧૮ બેઠકો જીતીને વિજયનો નવો ઈતિહાસ રચ્યો છે. મહારાષ્ટ્રમાં ભાજપના વિજય ઉત્સવની ઉજવણી અમરેલી જિલ્લા ભાજપ દ્વારા અમરેલી ખાતે કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સાંસદ ભરતભાઈ સુતરિયા અને જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીની આગેવાનીમાં કાર્યકર્તાઓએ ફટાકડા ફોડી અને એકબીજાને મીઠાઈ ખવડાવી જીતની વધામણી આપી હતી. સાંસદ ભરતભાઈ સુતરિયાએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રની જનતાએ પ્રધાનમંત્રીના નેતૃત્વ પર અતુટ વિસ મૂકયો છે. આ જીત માત્ર મહારાષ્ટ્રની નથી, પરંતુ ભાજપના પ્રત્યેક કાર્યકરની છે. જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં ભાજપ અને સાથી પક્ષોનો જે ભવ્ય વિજય થયો છે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિકાસલક્ષી નીતિઓ અને કાર્યકર્તાઓની મહેનતનું પરિણામ છે. ખાસ કરીને મુંબઈમાં વર્ષોથી લોકો પરિવર્તનની રાહ જોતા હતા, જે આજે ભાજપના ભગવા લહેરાવાની સાથે પૂર્ણ થઈ છે. મહારાષ્ટ્રની જનતાએ વિપક્ષોના જૂઠાણાંને નકારીને ફરી એકવાર વિકાસ અને વિસને પસંદ કર્યો છે. આ વિજયોત્સવમાં જિલ્લા ભાજપના હોદ્દેદારો, નગરપાલિકાના સભ્યો, વિવિધ મોરચાના પ્રમુખો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉત્સાહભેર જોડાયા હતા.

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓનાં વિદ્યાર્થીઓ માટે

# અમરેલીમાં આજે એકલવ્ય રમતોત્સવ યોજાશે

**ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયા સવારે રમતોત્સવનો પ્રારંભ કરાવશે**

**ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી સાંજે રમતોત્સવનું સમાપન કરાવશે**

**સતત ૪થા વર્ષે ૧૨૦૦ વિદ્યાર્થીઓ અને ૧૨૪ શિક્ષકો રમતોત્સવમાં ભાગ લેશે**

**વર્ષ દરમિયાન તાલુકાથી લઈ રાજય કક્ષાએ પ્રથમથી તૃતિય સ્થાન મેળવનારનું મેડલથી સન્માન કરાશે**



અમરેલી, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ''ખેલો ઈન્ડિયા''ના વિચારને સાર્થક કરવાના પ્રયાસરૂપે સતત ચોથા વર્ષે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આવતીકાલ શનિવારે અમરેલી ખાતે ''એકલવ્ય રમતોત્સવ (૪.૦)-૨૦૨૬'' યોજાશે. અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રયત્ન સ્વરૂપે એકલવ્ય રમતોત્સવ (૪.૦)-૨૦૨૬નું આયોજન થઈ રહ્યું છે. જેમાં શાળા લેવલે વિજેતા થનાર તમામ શાળાના બાળકો નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ લેવલે ભાગ લેશે, તેમાંથી ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ સમિતિ કક્ષાએ ભાગ લેશે, તેમાંથી અંદાજિત ૫૦૦ જેટલા બાળકો વિજેતા થશે, સાથે સાથે ૧૨૪ જેટલા શિક્ષકો પણ રમત-ગમત સ્પર્ધામાં ભાગ લેશે. આ રમતોત્સવમાં બાળકોને પ્રોત્સાહિત કરવા આ ખેલ મહોત્સવનું આયોજન કરેલ છે અને વિદ્યાર્થીઓમાં પડેલી શકિતઓને ઉજાગર કરવા અને વિદ્યાર્થીનું ભવિષ્ય ઉજજવળ બને તે માટે મહાનુભાવોની ઉપસ્થિતિમાં, જેમાં વિદ્યાર્થીઓ માર્ચપાસ્ટ કરશે, વિવિધ રમતોની સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને સમાપન સમારોહના કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનો, દાતાઓ દ્વારા ઈનામો, મેડલ, સર્ટિફિકેટ એનાયત કરવામાંઆવશે.

ઉદ્‌ઘાટન સમારોહ કૌશિકભાઈ વેકરીયા તેમજ ભરતભાઈ સુતરીયા, હિરેનભાઈ હિરપરા, બિપિનભાઈ લિંબાણી, મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડિયા, જનકભાઈ તળાવિયા, શ્રી અતુલભાઈ કાનાણી, નારણભાઈ કાછડીયા , અનિભાઈ સાવલિયા, મુકેશભાઈ સંઘાણી, ડો. ભરતભાઈ કાનાબાર, મનીષભાઈ સંઘાણી, પી.પી. સોજીત્રા, બિનાબેન કાલેણા, વિજયભાઈ ચોટલીયા, મનીષભાઈ ધરજીયા, દિલીપભાઈ વાળા, હેતલબેન વાઢેર, શીતલબેન ઠાકર સહિતના પદાધિકાઓની ઉપસ્થિતિમાં યોજાશે.


તેમજ સમાપન સમારોહ ઈફકો, ગુજકોમસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, કલેકટર વિકલ્પ ભારદ્વાજ, ડીડીઓ પી.બી. પંડયા, એસપી સંજય ખરાત, પ્રાંત અધિકારી મહેશ નાકિયા, ડી.ઈ.ઓ. એમ.બી. ગોહિલ, ડી.પી.ઓ. ડી.એ. ગોહિલ, નિયામક (ડી.આર.ડી.એ.)કે.જે. જાડેજા, પૂનમબેન ફુમકીયા, પ્રચાર્ય કે.ડી. વ્યાસ, મામલતદાર (અમરેલી) હરેશ તલાટી, નાયબ જિ. નિરંતર અધિકારી જી.એમ. સોલંકી, ચીફ ઓફિસર વી.સી. રાઠોડ, દાતા જીતભાઈ દેસાઈ, વિદ્યાસભા કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, દેસાઈ અને દાતાઓની ઉપસ્થિતિમાં યોજાશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોષી, શાસનાધિકારી આશીષભાઈ જોષી, વાઈસ ચેરમેન દામજીભાઈ ગોલ, ટીમ શિક્ષણ સમિતિ, આચાર્યો, શિક્ષકો જહેમત ઉઠાવી રહ્યા છે. જે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલીની યાદીમાં જણવામાં આવે છે.

### અનેક ઉથલપાથલનાં અંતે ઘીના ઠામમાં ઘી પડયુ

## ચલાલા : પાલિકા પ્રમુખ તરીકે ભૂમિબેન જયરાજભાઈ વાળાની વરણી કરવામાં આવી

**ઘણા સમયથી ઈન્ચાર્જ પ્રમુખથી ચાલતા શાસનનો અંત**



ચલાલા, તા. ૧૬

ચલાલા નગરપાલિકામાં પ્રમુખપદને લઈને ભારતીય જનતા પાર્ટીના જ સભ્યો વચ્ચે ખેંચાખેંચી ચાલી રહી હતી. પુર્વ મહિલા પ્રમુખ નયનાબેન વનરાજભાઈ વાળા સામે કેટલાક સદસ્યોએ નારાજગી વ્યકત કરી હતી. તેમણે જિલ્લા કલેક્ટરને રાજીનામું આપ્યુ હતુ.

આ રાજીનામા બાદ પ્રમુખપદ માટે ફરી ચૂંટણી જાહેર કરવામાં આવી હતી. આજે પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં એક બેઠક મળી હતી, જેમાં ૨૪ સદસ્યોમાંથી ૧૮ ભાજપના સદસ્યો હાજર રહ્યા હતા અને ૬ ગેરહાજર હતા. ભૂમિબેન વાળાએ પ્રમુખ તરીકે ફોર્મ રજૂ કરતા હાજર રહેલા તમામ સદસ્યોએ તેમને સમર્થન આપ્યું હતું, જેના પરિણામે તેમની સર્વાનુમતે આવતા દોઢ વર્ષ માટે પ્રમુખ તરીકે નિમણૂંક થઈ છે.

ભૂમિબેન જયરાજભાઈ વાળાની પ્રમુખ તરીકે નિમણૂક થતા કાર્યકરો અને સમર્થકોએ તેમને ફૂલડે વધાવ્યા હતા અને મોં મીઠા કરાવી સન્માનિત કર્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્ય જે.વી. કાકડીયા અને દાનમહારાજની જગ્યાના લઘુમહંત મહાવીરબાપુ પણ ઉપસ્થિત રહ્યા હતા. સ્થાનિક દાનમહારાજની જગ્યામાં નવનીયુકત મહિલા પ્રમુખ સહિતના આગેવાનોએ અને સદસ્યઓએ દર્શન કરી આશીર્વાદ લીધા હતા.

નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ અને અમરેલી જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના પુર્વ મહામંત્રી જયરાજભાઈ વાળાએ જણાવ્યું હતું કે, પ્રદેશ ભાજપ નેતૃત્વ અને ધારાસભ્યના માર્ગદર્શન હેઠળ તેમના પર વિસ મૂકીને પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.

તેમણે શહેરનો વિકાસ કરવા, અધૂરા કામો વહેલી તકે પૂર્ણ કરવા અને ભાજપે મૂકેલા વિસમાં ૧૦૦ ટકા નિષ્ઠા અને જવાબદારીપૂર્વક કામ કરવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી. તેમણે ૨૪ સભ્યોના સહકાર બદલ આભાર માન્યો અને આગામી દિવસોમાં ચલાલા નગરપાલિકા વિકાસના કામોને ધારાસભ્યના માર્ગદર્શન મુજબ આગળ વધારશે. તેમ જણાવ્યું હતું. શહેરીજનોની આશા અપેક્ષાઓ મુજબ નવનિયુકત મહીલા પ્રમુખની વરણી થતા શહેરીજનોમા હરખની હેલી સાથે આંનદની લાગણી જોવા મળી હતી. અને નવા વિકાસના કામો સાથે સુવીધાયુકત અને નંદનવન શહેર બને તેવી આશાઓ બંધાણી છે.








**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.94268 31241

**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.


કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



















# વિનોબાજીની અહિંસાનો ચમત્કાર – ૮

## પગદંડી/લેખન



**– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )**

ડાકુઓના સમર્પણ પછી બાબા પવનાર આશ્રમમાં ચાલ્યા ગયા. કેટલાય ડાકુઓ પર કોર્ટ કાર્યવાહી ચાલી. જેલ થઈ. તો કોઈકને છોડી મૂકવામાં આવ્યા. એમાં સૌપ્રથમ બાબાના આશ્રમમાં પવનાર આવનાર તહસીલદાર સિંહ હતા. તેઓ અન્ય સાથીઓ સાથે આશ્રમી જીવન જીવવા લાગ્યા. બાબાએ તેમને ગીતા પ્રવચન વાંચવા સલાહ આપી. કેટલાંકને તો વાંચતા શુધ્ધા આવડતું નહોતું. તો તેમને સલાહ આપી કે " જે વાંચી શકે છે એમને સાંભળો'' ડાકુઓ આશ્રમમાં શું કાર્ય કરતા હતા ?

આશ્રમની બહેનો સાધકો સાથે ડાકુઓ ખેતીમાં લાગી ગયા. સફાઈ કરતા, પ્રાથના તથા રસોઈમાં મદદ કરતા હતાં. સાંજના સમયે આશ્રમ વાસીઓ, પ્રવાસીઓ સાથે ડાકુઓ પોતાના ભૂતકાળ વગાડતા એમાંય દર્શનાર્થીઓને આશ્ચર્ય થતું કે આવા ખૂનખાર ડાકુઓ અહિં ભાઈચારાથી રહે છે. રાત્રે રામાયણ,



મહાભારત સાંભળતા તહસીલદાર સિંહ જોકે ઓછાબોલા હતા. પણ આશ્રમમાં આવ્યા બાદ બધાંની સાથે હળીમળી ગયા હતા. તો કયારેયક દિલખોલીને પોતાના ભૂતકાળમાં ડોકિયું કરી લેતાં. તેમણે કહેલું કે તેઓ ડાકુ શા માટે બન્યા ? ભટકતું જીવન શા માટે જીવતાં હતાં. કોતરોમાં કેવું બિહામણું જીવન જીવતા હતા. તેમની ટૂકડીની નીતિ, નિયમો કેવા હતાં ? સમર્પણ પછી જેલ જીવન કેવું હતું ? હવે તેઓ કેવું જીવન જીવી રહ્યા છે એની વાતો તેઓ નિઃસંકોચ કરતા રહેતા.

ભટકતા જીવનમાં, કોતરોમાં, પહાડોમાં એ ડાકુઓ કેટલાય સંતોને મળેલાં. કોઈએ પુછયુ તમે સંતોના દર્શન કરેલા બાબાના દર્શન તો કયારેય કરેલા નહોતાં છતાં બાબા પાસે આત્મસમર્પણ શા માટે કર્યુ ? તો તહસીલદારે પુરા ગર્વથી કહેલું બાબા તો સમાજનો ઉધ્ધાર કરવાવાળા સંત છે સંતની વ્યાખ્યા કરતા કહેલું સંત બે પ્રકારના હોય છે. એક તરણ અને બીજા તારણ સમજાવતા કહેલું "તરણ સંતો પોતે જાતે તરે છે જયારે તારણ સંત બીજાને તારે છે. જેમ નૌકાની જેમ બીજાને તારે તે સંત વિનોબાજી તારણ સંત છે.''

ડીક એક વર્ષ પછી ડાકુ માધોસિંહ તથા કલ્યાણસિંહ જેલમાંથી છૂટતાંની સાથે બાબાના દર્શન માટે આવ્યા. ત્યાં સુધીમાં ૫૦૧ ડાકુઓએ આત્મસમર્પણ થઈ ચૂકયુ હતું.

માધોસિંહ બાબાને પૂછયું "બાબા અમે જે પણ કર્યા છે એ શું અમારે આવતા જન્મમાં ભોગવવા પડશે ? અમારા મનમાં આ પ્રશ્ન ઘોળાઈ રહ્યો છે.'' ત્યારે બાબાએ એક કહાની સંભળાવી અજામિલ પાપી હતો. કસાઈ હતો. પણ મરણ સમયે ભગવાનનું સ્મરણ કર્યુ. પ્રશ્ચાતાપ કર્યો તો ઉધ્ધાર થઈ ગયો. જો તમે પ્રશ્ચાતાપ કરશો તો કર્મમાંથી છૂટી શકશો. ભગવાનનું શરણ લો. શ્રધ્ધા રાખો. સેવા કરો તો ચોકકસ મુકિત મળશે. માટે આવતા જન્મની અત્યારથી ચિંતા ન કરો. માટે ભકિત કરો. સત્ય બોલો. જેટલી થાય તેટલી સેવા કરો.

છતાં માધોસિંહના મનમાં હજી સંતોષ થયો નહિ એટલે પૂછયું ' 'બાબા અમારૂ સમર્પણ તો આસાન હતું. ઈન્જેકશન જેવું. ઈન્જેકશન લેતા દર્દ ગાયબ પણ દર્દ બિમારી ફરી ન આવે, પરિણામ મળે એવી કઈ દવા છે ?''

ત્યારે હસીને બાબા બોલ્યા. સાંભળો હોમિયોપેથી દવાને દૂધમાં ઘોળવામાં આવે છે જેટલીવાર હલાવશો એટલી વધુ શકિત દવાથી મળશે. એમ રામાયણ, મહાભારત, વિષ્ણુસહસ્ત્રનામને મનમાં છૂટયા કરો. સ્મરણ કરો. બધું ઠીક થઈ જશે.''

૩૧ માર્ચ ૧૯૭૩માં બાબાએ ડાકુઓને એક સંદેશમાં કહેલું "તમામ ડાકુભાઈઓને મારી શુભકામના તમારે ગીતા પ્રવચન, રામાયણ, વિષ્ણું સહસ્ત્રનામ વાંચતા રહેવાનું છે.''

પણ વિષ્ણુસહસ્ત્રનામનું પુસ્તક હતું નહિ. તેને તાત્કાલીક છાપવામાં આવ્યું. હનુમાન જયંતીના દિવસે તેનું બાબાના હાથે વિમોચન થયું. અને તમામ ડાકુઓને સંદેશો આપ્યો કે આજ હનુમાન જયંતી છે હનુમાનના બે મુખ્ય ગુણ છે પહેલો ગુણ અખંડ બ્રહ્મચર્યા, બીજો ગુણ રામની ભકિત, ત્રીજો ગુણ છે સેવા કરવી. એમ સેવા ભકિત અને બ્રહ્મચર્યવાળા પુસ્તકો વાંચજો લાભ થશે. "તથા બાબાએ વિશેષમાં કહેલું ડાકુભાઈઓ પરાક્રમી છે. બહાદુર છે. તેમણે પશ્ચાતાપ કર્યો છે. અપરાધ કબૂલ્યા છે, તમને જે સજા મળે તેનો સ્વીકાર કરજો મને આશા છે કે તમારામાંથી જ હનુમાન પેદા થશે.'' અહિં ડાકુઓના સમર્પણની વાત પુરી થાય છે ત્યારબાદ બાબાની ભૂદાનયાત્રા શરૂ થાય છે જેની વાતો હવે પછી ..... અસ્તુ.



# બાલ એકસપ્રેસ



**સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી**

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## માનસિક તકલીફો





**ઉપાય**

૧. નિયમિતતા, ૨. જે તે રૂમ કે પથારી સૂવા માટે જ વાપરો, ૩. સક્રિય રહો, હળવી કસરતની ટેવ પાડો, ૪. માનસિક તાણથી દૂર રહો, ૫. વ્યસનો અને કેફિનયુકત પીણાંથી દૂર રહો, ૬. બિનજરૂરી દવાઓ ન લેવી, ૭. ડાકટરની સલાહ પ્રમાણે દવા લેવી

**એકલતા નિવારણ માટે પ્રેમ અને હૂંફ :** જો સ્વસ્થ રહેવું હોય અને જિંદગીને માણવી હોય તો તમારા કુટુંબ, સમાજ અને કુદરતને પ્રેમ કરજો. પ્રેમ, કરૂણા, ઘનિષ્ઠ મૈત્રી, હૂંફ વગેરે સદ્ગુણો માત્ર સામાજિક દષ્ટિએ જ નહિ, પરંતુ શારીરિક સ્વાસ્થની દષ્ટિએ પણ એટલા જ અગત્યના છે. **એકલતા દૂર કરવા શું કરવું ? :** જાત સાથે શાંતિ અને આનંદપૂર્વક એકલાં રહેતાં શીખો સંકોચ છોડો અને આત્મવિાસ વધારો અન્ય વ્યકિતઓ સાથે ભળ વાનું શીખો, રસના સરખા વિષયો શોધી કાઢો, સેવાકીય પ્રવૃત્તિ કરો અન્યને મદદરૂપ થાવ પ્રેમ, કરૂણા અને મૈત્રીપૂર્ણ સ્વભાવ કેળવો :

**શીખવા જેવાં જીવન કૌશલ્યો :** બાળપણથી જ જો લાગણીઓ અંગે જાગૃતિ અને એની વૈજ્ઞાનિક અને વાજબી વ્યવસ્થા અંગે જાગૃતિ લાવવામાં આવે તો માનસિક રીતે તંદુરસ્ત સમાજ રચી શકાય. દૈનિક જીવનની સમસ્યા અને પડકારોને અસરકારક રીતે પહોંચી વળવાની ક્ષમતાને મનોવૈજ્ઞાનિક સામથ્ર્ય કહેવાય છે.૧. નિર્ણય કરવાની ક્ષમતા (Decision Making) ૨. પ્રશ્ન હલ કરવાની ક્ષમતા (Problem Solving) ૩. સર્જનાત્મક ચિંતન (Creative Thinking) ૪. ગુણદોષનો વિચાર કરવાની ક્ષમતા (Critical Thinking) ૫. અસરકારક સંપર્ક અને અભિવ્યકિત (Effective Communication) ૬. માનવીય સંબંધો અંગેની ક્ષમતા (Interpersonal Relations) ૭.સ્વજાગૃત્તિ (Self awareness) ૮. અન્યની લાગણીઓ સાથે તાદાત્મ્ય (Empathy) ૯. લાગણીઓને ખાળવાની ક્ષમતા (Coping with emotions) ૧૦.તાણને પહોંચી વળવાની ક્ષમતા(Coping with Stress)

**વાતચીતની કળા શીખો–મનની શાંતિ જાળવી રાખો :** તમારી લાગણીને ઓળખો તમારી લાગણીને અભિવ્યકત કરો અન્ય વ્યકિતની વાત સહાનુભૂતિપૂર્વક સાંભળો અન્ય વ્યકિતની લાગણી તમે સમજયા છો એની ખાતરી કરાવો

**ઈમોશનલ ઈન્ટેલિજન્સ :** "બુદ્ધિપ્રતિભા'' (Cognitive Intellingence)ની સાથે–સાથે ' 'લાગણીપ્રતિભા'' (Emotional Intellingence)નો વિકાસ જરૂરી છે. "ભણેલા'' લોકો કરતા "ગણેલા'' લોકો વધુ સફળ થાય છે, એનું કારણ પણ લાગણી–પ્રતિભાથી ઉદભવતી કોઠાસૂઝ છે.લાગણી પ્રતિભા એટલે સમૃદ્ધ અને સંતુલિત વ્યકિતત્વ. જે એવા લાગણી સંબધિત કૌશલ્ય ધરાવે કે જેથી યોગ્ય સ્વરૂપે અને યોગ્ય માત્રામાં લાગણી વ્યકત થાય, આમાં પાંચ મુખ્ય બાબતો નીચે પ્રમાણે છે :

૧. સ્વજાગૃતિ,૨. લાગણી નિયંત્રણ ૩.સ્વપ્રેરણા (Self Motivation)
૪. અન્યની લાગણીઓને સમજવી
૫. સંબંધોની જાળવણી

**મનઃશાંતિની મૂલ્યવાન ચાવીઓ**

નિયમિત દિનચર્યા

રોજ ૪૫ મિનિટ ચાલવું કે અન્ય શારીરિક કસરત–રમત, શવાસન, પ્રાણાયામ, પ્રયાન, વર્તમાનમાં જીવવું દુઃખદ ભૂતકાળ અને અનિશ્ચિત ભવિષ્યના વિચાર ન કરવા, દિવસે બનેલી સુખદ–દુઃખદ ઘટનાઓનું વિશ્લેષણ કરો,વિચારો અને લાગણીઓ અંગે જાગૃત રહો અપેક્ષાઓ ઘટાડો, અણગમતી ઘટનાનો સ્વીકાર કરો,અન્ય વ્યક્રિને જેમ છે તેમ અને તેવી સ્વીકારો, સમયનો સદુપયોગ કરો,કાર્યરત રહો મિત્રો અને સમાજમાં હળતા–ભળતા રહો, સદ્વાંચન અને સારૂ સંગીત સાંભળો,દરેક વ્યકિત પ્રત્યે નિઃસ્વાર્થ, નિર્વિકાર પ્રેમભાવ રાખો,કુદરત અને ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા રાખો,વધતાં ઊંઘનું પ્રમાણ ઘટે છે.અનિદ્રાના બે પ્રકાર : ૧. લાંબા ગાળાની અને ૨. ટૂંકા ગાળાની, **કારણો :** ૧. કેફિન યુકત પીણાં (ચા–કોફી, કોલા વગેરે)

૨. તમાકુ અને દારૂ જેવાં વ્યસન
૩. રાત્રે મોડે સુધી ટીવી જોવું.
૪. ચિંતા, તણાવ
૫. માંદગી

## આ જાણો છો !

સાપોમાં કેટલાક ઝેરી હોય છે, કેટલાક નથી હોતા. જે ઝેરી હોય છે તે પોતાના ઝેરનો ઉપયોગ જુદીજુદી રીતે કરે છે. આફિકામાં સ્પીટિંગ કોબ્રા (થૂંક ઉડાડનાર નાગ) હકીકતમાં પોતાના શિકાર ભણી ઝેર ઉડાડે છે. એ પોતાનું જલદ ઝેર શિકારની આંખોમાં ઉડાડે છે.

એથી શિકાર અંધ બની જાય છે અને નાગ એને ગળી જઈ શકે છે. આ નાગ ૧૦થી ૧૨ ફૂટ (૩.૨૫થી ૩.૭૫ મીટર) જેટલે દૂર સુધી ઝેર છાંટી શકે છે.

ઉત્તર પ્રશાંત મહાસાગરમાં થતી લિંગકોડ નામની માછલીનું માંસ લીલા રંગનું હોય છે !

હાથીની સૂંઢ એનું એક બહુવિધ ઉપયોગ ધરાવતું અંગ છે. એમાં ૪,૦૦,૦૦૦ જેટલા સ્નાયુઓ હોય છે.

જગતનું સૌથી ઝડપી પંખી સ્વીફટ ગણાય મેસોપોટેમિયામાં એકવાર ૬૮ માઈલ (આશરે કિલોમીટર)ની ઝડપે ઊડતા વિમાન કરતાં



સ્વીફટ આગળ નીકળી ગયું હતું ! પણ જાણકારો તો કહે છે કે સ્વીફટ ૧૦૦ માઈલ (૧૬૨ કિલોમીટર) જેટલી ઝડપે પણ ઊડી શકે છે.

હિંદમાં તીરંદાજ નામની માછલી થાય છે જે પાણીકાંઠે ભેખડ પર કે વનસ્પતિ પર બેઠેલ શિકારને પછાડવા માટે એકથી દોઢ મીટર જેટલે દૂર પાણીનો મારો ચલાવી શકે છે. ક્રમશ.

## જંગલમાં ટાબરિયાઓનો જંગ

બાળમિત્રો, તમને મજા પડે એવી એક લાંબી લઘુનવલકથા શરૂ કરી રહ્યા છીએ. તમને વાંચવી ગમશે. કારણ કે તમારી જેવડાં જ ટબુડિયાની વાર્તા છે એ ટબુડિયા કેવા સાહસિહ હતાં ? રસ્તો વિચારતા હતાં એમની બહાદુરી હિંમતની વાત છે. એ વાર્તાનું નામ છે "જંગલમાં ટાબરિયાઓનો જંગ'' એના લેખક છે. એમનું નામ છે. મહેશ ધીમરૂ " રયોત'' દર શનિવારે એક એક પ્રકરણ છપાશે. વાંચજાને વંચાવજો મજા આવશે તો ચાલો થઈ જાવ. " જંગલમાં ટાબરિયાઓનો જંગ'' જોવા મંગલ જંગલ જંગલ મંગલ, મંગલમ્ મંગલ જંગલ મંગલ; જંગલમાં 'હીપ હીપ હુર્રરે.......''જીપ પથરાડિયા રસ્તે આગળ ને આગળ જઈ રહી હતી. જીપગાડી બિલકુલ નવીનક્કોર ખરીદેલી હતી. નવી ગાડી ચલાવવાનો એક અનોખો આનંદ હોય છે. જે હાલમાં ચાળીસેક વર્ષનો ડ્રાઈવર માણી રહ્યો હતો. જે પોતાના બે બાળકો સાથે ભાઈના બે બાળકોને લઈને જંગલમાં ફરવા આવ્યો હતો. માત્ર બાળકો સાથે એકલપંડે અજાણ્યા જંગલમાં ફરવા આવવું એ નર્યું સાહસ જ હતું.એ ડ્રાઈવર હતા વિજયસિંહ. તેમણે જીપગાડી થોડી ધીમી પાડી. તેમણે બહાર કેટલાક નાસભાગ કરી રહેલાં પ્રાણીઓ તરફ હાથ વડે દેખાડતા જઈ કહ્યું. "જુઓ



! પેલાં જુદા જુદા પ્રાણીઓ ! એમાં સાબર છે, ચિતળ છે, વનગાય પણ છે. જુઓ ! પેલું શિયાળ ! પૂંછડી દબાવી એ ભાગ્યું...''હા,

મંગલ મંગલ જંગલ, મંગલમ્ મંગલ સર્વમ્ મંગલ. હીપ હીપ હુર્રરે જંગલ મંગલ, હીપ હીપ હુર્રરે જંગલમાં મંગલ....એ જંગલે ઘણાં વર્ષો પછી ટાબરિયાંઓની કિલકારીઓ સાંભળી. નિર્દોષ કિલકારીઓ સાંભળીને ઝાડવાં ઝૂમવા લાગ્યાં. પાંદડાંઓ મર્મર ધ્વનિ વડે ગણગણવા લાગ્યાં. પંખીઓ કલબલાટ કરવાં લાગ્યાં. કોઈ કોઈ પંખીએ તો જીપ ફરતે બે–ત્રણ ચકરાવા મારીને હરખ વ્યકત કર્યો. વાંદરાઓએ ડાળીઓ ઉપર કૂદાકૂદ કરી મૂકી. તેઓનાં ખિખિયાટાથી જંગલમાં ખળભળાટ મચી ગયો. સોનેરી ચામડી પર ગોળ ટપકાવાળાં હરણાંઓનું એક ઝુંડ ભાગમભાગ કરી રહ્યું. જીપમાં ટાબરિયાંઓએ આ જાનવરો અત્યાર સુધી ચિત્રપોથીમાં જ જોયાં હતાં. નાનકડા હીરોએ પણ ધરાનાં ખોળામાંથી ઊભડક થઈને તેઓને જોવાનો પ્રયત્ન કર્યો.

"વિજય અંકલ ! અહીં વનનો રાજા સિંહ પણ જોવા મળશે ?'' વિં કૂતુહલ વ્યકત કર્યું. વિજયસિંહ હસ્યો, "ના, દીકરા ! આ છત્તીસગઢમાં આવેલું બસ્તરનું જંગલ છે. આ જંગલ વિસ્તારમાં સિંહ નથી હોતા. સિંહ માત્ર ગુજરાતનાં ગિરનાં અભયારણ્યમાં ને આસામનાં



સવાર સૌને જંગલ રૂડું ને રળિયામણું લાગતું હતું. અત્યાર સુધી ધરા દીદીના ખોળામાં મૂજી મોં કરીને લપાઈ રહેલો 'હીરો' ખી..ખી..ખી...ખી... ખિલખિલાટ હસવા માંડ્યો. તેની સાથે હી.. હી...હી...હી... હો..હો... કરતાં સૌ હસવામાં જોડાઈ ગયાં.હા, જંગલમાં પ્રવાસ કરવાનો છે..... રહેવાનું છે...... ઘણું ઘણું વેઠવાનું છે..... જીવજંતુઓને જંગલી પ્રાણીઓનો સામનો કરવો પડશે. આવું આવું જાણીને વિચારીને અહીં આવતાં પહેલાં ટાબરિયાંઓ ભારે મુંઝવણમાં હતાં. પણ જેવી જીપ જંગલમાં પ્રવેશી કે હરિયાળી હરિયાળી જોતાં જ ભાવવિભોર થઈ કિલકારીઓ કરવાં માંડ્યાં હતાં.જેમ જેમ જીપ જંગલમાં અંદર સુધી ઘુસી રહી હતી, તેમ તેમ તેઓ ગેલમાં આવી રહ્યાં હતાં. તરખાટ મચાવતાં બંદરોને જોઈને વિ બારીની બહાર માથું કાઢીને બોલી ઊઠ્યો, "હીપ... હીપ... હુર્રરે...!ચારેકોરથી પડઘા પડ્યાઃ ' જંગલમાં જોવા મળે છે. હા, પાસેના અબુજમાર જંગલમાં વાઘ જોવા મળી શકે. પણ અહીં વાઘનો ભેટો થવો અશક્ય છે. હા, બસ્તર એક રહસ્યમય ભૂમિ છે. જયાં ગાઢ જંગલો, સરપિન ખીણો અને નદીઓ છે. ઉચ્ચપ્રદેશમાં વહેતી નદીઓ પરનાં ધોધ નિહાળવાનો લહાવો લઈશું. રામાયણમાં આને દંડકારણ્ય તરીકે ઓળખવામાં આવ્યું છે.''ચપળ દિશા તરત બોલી ઊઠી, "હે...ય, આપણને ભગવાન રામ અને લક્ષ્મણ અહીં જોવા મળશે. ખરૂં ને, અંકલ ?''"ના બેટા ! એ તો યુગો પુરાણી કહાણી છે. મહાભારતકાળમાં આ પ્રદેશ કોસલ રાજયનો ભાગ ગણાતો. કહેવાનો અર્થ એટલો જ કે આપણે અત્યારે છત્તીસગઢનાં બસ્તરનાં ભવ્ય જંગલમાં મોજ માણી રહ્યાં છીએ.''"હીપ હીપ હુર્રરે...'' વિં ફરીથી લલકાર્યું. ને સમગ્ર જંગલ ગુંજી ઊઠ્યું : "હીપ હીપ હુર્રરે....'' ક્રમશઃ



બાલમિત્રો,

ગયા બુધવારે ખુબ મજા કરીને ? પતંગો, કુકડી, હંસ, મોર, ફુઝર આકાશમાં ઉડીગ્યા, નાનાં ભુલકાંતો તાળીઓ પાડી કુદકુદ કરતા હતા. તો કિશોરો પતંગ ચગવવમાં મશગુલ હતા. મોટેરાં તેમને મદદ કરતા હતા. સૌ આનંદ માણી રહયા હત.

બાલમિત્રો, અમનો દિવસ સંક્રાંતિકાળનો હતો. એ દિવસે રત્રિ અને દિવસ એક સરખા હોય છે. ને તા.૧૫/૧/૨૦૨૬ થી સુર્ય ઉતર તરફ ગતિ કરે છે. એટલે એનું નામ ઉતરાયણ પડયું ને તે દિવસથી દિવસ મોટો લાંબો થતો જશે ને રાત્રિ ટૂંકી આ સમયે મહાભારતન કુરૂક્ષેત્રના યુદ્વમેદાનમાં બાણાસૈય પર રહેલા ભીષ્મે પોતાનાં અંતીમ શ્વાસ લીધા હશે.

આ દિવસે પતંગનું મહત્વ ખુબ છે. પતંગો વિશે ઘણી ઘણી વાતે, શોધો સાંભળવા મળે છ. મોબાઈલ, વર્તમાનપત્રો, માસિકોમાં એની વાતો છપાય છે. તમે વાંચજો પતંની અવનવી વાતો જાણીને નોટમાં લખજો કામ લાગશે.

મકરસંક્રાંતિ પછીનો મહત્વનો દિવસ આવી રહયો છે. જાણો છો ? ખુબ સરસ – ગણપત દિવસ એની વાાત હવે પછી કરીશું આવજો બાળમિત્રો.....



## એક ચકલીની વાર્તા





એક હતી ચકલી. તે એક વાર રાજાના મહેલમાં ગઈ. ત્યાંથી તેને એક ઢીંગલો જડ્યો. રાજાનો ઢીંગલો લઈ તે બોલવા લાગી :

'રાજાના મહેલમાંથી
મને ઢીંગલો જડ્યો,
રાજાના મહેલમાંથી
મને ઢીંગલો જડ્યો.'

રાજા આથી ગુસ્સે થઈ કહે : 'આંચકી લો એની પાસેથી ઢીંગલો.'

ઢીંગલો આંચકી લીધો એટલે ચકલી કહે :

'રાજાને ભૂખ પડી !
મારો ઢીંગલો આંચકી લીધો,
રાજાને ભૂખ પડી !
મારો ઢીંગલો આંચકી લીધો.'

રાજા કહે : 'અરે, આ તો આપણે લોભી ઠર્યા !' એટલે કહે : 'આપી દો ચકલીને ઢીંગલો પાછો.'

ઢીંગલો પાછો આપી દીધો એટલે વળી ચકલી કહે :

'રાજા મારાથી બીનો,
મને ઢીંગલો આપી દીધો,
રાજા મારાથી બીનો,
મને ઢીંગલો આપી દીધો.'

રાજા ખિજાયો એટલે તેણે ચકલી મારી નાખી અને તેના કટકે કટકા કરી નાખ્યા પછી રાજા કહે : 'નાખો એના કટકા પર હળદર, મીઠું ને મરચું એટલે હું એને ખાઈ જાઉં !'

વળી ચકલી બોલી :

'આજ તો હું લાલ પીળી થઈ,હું લાલ પીળી થઈ,
આજ તો હું લાલ પીળી થઈ,હું લાલ પીળી થઈ.'

રાજા કહે : 'હજી તો ચકલી જીવે છે, માટે એને વઘારીને તળી નાખો એટલે બોલતી બંધ થાય.'ચકલીને તો તેલમાં વઘારી એટલે વળી ચકલી બોલી :

'આજ તો હું છનનન થઈ,હું છનનન થઈ,
આજ તોહું છનનન થઈ,હું છનનન થઈ.'

રાજા તો ઘણો ખિજાયો ને ખિજાતો ખિજાતો ચકલી ખાવા લાગ્યો. ત્યાં ગળામાં જતાં જતાં ચકલી બોલી :

'આજ તો હું સાંકડી શેરીમાં ગઈ,
હું સાંકડી શેરીમાં ગઈ,
આજ તો હું સાંકડી શેરીમાં ગઈ,
હું સાંકડી શેરીમાં ગઈ.'

રાજા કહે : 'ચાલો, જવા દો એને પેટમાં પછી ક્યાંથી બોલશે ?'

ચકલી તો પેટમાં ગઈ પણ ત્યાંથી બોલ્યા વિના ન રહી તે બોલી :

'આજ તો હું રાજમહેલમાં ગઈ,
હું રાજમહેલમાં ગઈ,
આજ તો હું રાજમહેલમાં ગઈ,
હું રાજમહેલમાં ગઈ.'

રાજા તો બહુ જ ગુસ્સે થયો. પછી પોતે દિશાએ જવા બેઠો ત્યારે સિપાઈઓને આસપાસ ઊભા રાખ્યા અને તેને કહ્યું : 'જયારે ચકલી બહાર નીકળે ત્યારે તેને કાપી નાખજો.'

રાજા દિશાએ બેઠો ને ફરતા ઉઘાડી તલવારે સિપાઈઓ ઊભા રહ્યા. ત્યાં તો ચકલી નીકળીને રાજાના વાંસા પર બેઠી. સિપાઈઓ જયાં તલવાર ચકલીને મારવા ગયા ત્યાં ચકલી ફરર કરતી ઊડી ગઈ અને રાજાનો વાંસો કપાઈ ગયો.

પછી ચકલી એક ઝાડ ઉપર બેઠી બેઠી બોલવા લાગી :

'મને તો કાંઈ ન થયું,
પણ રાજાનો તો વાંસો કપાયો,મને તો કાંઈ ન થયું,
પણ રાજાનો તો વાંસો કપાયો !'

## નરહરિ પરીખ





**૪૫. મહાદેવભાઈની ડાયરી**

મહાદેવભાઈ ૧૯૧૭માં ગાંધીજીની સાથે જોડાયા ત્યારથી તે ૧૯૪૨માં તેમનો દેહાંત થયો ત્યાં સુધીની ડાયરી તેમણે લખેલી છે. ગાંધીજીના પત્રવ્યવહારની, તેમનાં ભાષણોની, વ્યકિતઓની સાથે થયેલી વાતચીતોની તેમ જ વિવિધ વિષયો ઉપરના તેમના વિચારોની તેઓ નોંધ કરી લેતા.

ગાંધીજીનું આખું જીવન તદ્દન ખુલ્લું હતું. અંગત અને ખાનગી ગણાય એવી એમની વાતો જેટલી જગત જાણતું હશે, એટલી ભાગ્યે જ બીજા કોઈ નેતાની જાણતું હોય. છતાં ગાંધીજીની ઘણી જાણવા જેવી વાતો હજી જનતાને જાણવા ન મળી હોય. ગાંધીજીની બહાર નહીં આવેલી ખાસિયતો તથા જીવનપ્રસંગો તેમ જ જીવનને લગતા ગાંધીજીના વિચારો આ ડાયરીઓમાંથી જાણવા મળે છે. તેમણે વાંચેલાં પુસ્તકોનું વિવેચન અને કેટલાંય પુસ્તકોમાંથી આકર્ષક ફકરા મહાદેવભાઈએ આપ્યાં છે.મહાદેવભાઈની ડાયરીઓ ગાંધીજીના જીવનચરિત્ર માટેનો કાચો, અતિશય મહવનો મસાલો છે. માનવજાતિને પ્રેરણા આપનાર બહુ ઉપયોગી સાહિત્ય તરીકે તેનું મહત્ત્વ છે. વસ્તુના ઉદાત્તપણાને લીધે તેમ જ તે રજૂ કરવાની શૈલીની ચિત્તાકર્ષકતાને લીધે 'મહાદેવભાઈની ડાયરી'નું સ્થાન દુનિયાના આ જાતના સાહિત્યમાં બહુ ઊંચું રહેશે.

# કરોળીયાનું જાળું

વર્ષો પહેલાં દક્ષિણના નંદ પ્રદેશમાં મહારાજા ધનપાલ રાજય કરતો હતો. તે રાજા પોતાની પ્રજાનું પાલન બરાબર રીતે કરતો હતો. ન્યાયપૂર્વક રાજય કરતો. અઠવાડિયામાં પાંચ દિવસ દરબાર ભરીને લોકોના સુખદુઃખ સાંભળતો અને નિકાલ કરતો.

એક દિવસ કોઈ માણસ કિમતી રેશમી વસ્ત્રોથી સજ્ડજ થઈને રાજમહેલના દ્વારે આવીને ઊભો. શરીરે કસાયેલો અને દેખાવડો પણ ખરો.

તે સીધો જ રાજા સામે જઈને ભો. તેના હાથમાં મખમલનો થેલો હતો. થેલામાંથી તેણે મૂલ્યવાન ભેટો કાઢીને રાજાને ચરણે ધરી. રાજા અને દરબારીઓ ઘડીભર તે માણસને અને તેની મૂલ્યવાન ભેટોને જોતાં જ રહ્યા !થોડા દિવસ પછી તે માણસ હંમેશ કિંમતી ભેટો લઈને આવતો અને ભેટો રાજાના ચરણે ધરીને જતો રહેતો.

દિવસો વીત્યા પછી રાજા ધનપાલે તેને પૂછ્યું :

'જુવાન, તારો પરિચય ? અમને આવી મૂલ્યવાન ભેટો શા માટે આપે છે ?'

તે માણસે સિફતથી કહ્યું :'મહારાજાનો જય હો. હું આપની સાથે એકાંતમાં વાતચીત કરવા માંગુ છું.'

મહારાજા ધનપાલ તો પહેલેથી જ તેનાથી અંજાઈ ગયેલા. ઈશારો થવાથી બધાં દરબારીઓ ત્યાંથી ખસી ગયા. એકાંતમાં તે માણસે ધનપાલને કહ્યું :

મહારાજા ! મને કાંઈ જોઈતું નથી. હું ઝવેરીનો ધંધો કરૂં છું. દૂરદૂર સુધી આપની ખ્યાતિ ફેલાયેલી છે. હું તો એટલું જ ઈચ્છું છું કે




અઠવાડિયે બે વાર આપને મળું અને હર વખતે પાંચ સો સોના મહોરો ભેટ ધરૂં !'ધનપાલે વિચાર્યુ :

'લાગે છે કે તે મોટો વેપારી છે. મારી પાસે કોઈ સ્વાર્થથી નથી આવતો અને સોના મહોરો ભેટ ધરવા માગે છે, તો તેને એકાંતમા મળતોવામા શો વાંધો ?' ધનપાલે તેને મળવાની હા કહી. પછી તો તે ઝવેરી અઠવાડિયે બે વાર આવવા લાગ્યો. આવતો અને થોડીવાર મહારાજા સાથે એકાંતમાં વાતો કરતો. જતી વખતે સોના મહોરોની થેલી ધનપાલને ભેટ ધરતો.

રાજાના મંત્રીઓ અને દરબારીઓ વચ્ચે ઘુસપુસ થવા લાગી. સૌને થયું કે ઝવેરી પાસેથી રાજા સલાહ લે છે. સૌ તેને શંકાની નજરે જોવા લાગ્યા.

એક દિવસ તે ઝવેરી રાજાની સાથે વાતો કરતો હતો. દૂર ઊભેલો એક જાગીરદાર તે બંનેને વારંવાર જોતો હતો ઝવેરી રાજાને મળ ીને પાછો ફરતો હતો, ત્યારે તે જાગીરદાર તેની પાછળ ગયો અને પૂછ્યું :'બોલ, મારા વિશે શી વાતો થતો હતી ?'

જમીનદારના મનમાંની શંકા પારખીને તે ઘુતારા ઝવેરીએ કહ્યું :'રાજા કહેતા હતા કે તું પ્રજાને લૂંટે છે. પણ ચિંતા છોડી દે. હું રાજાને સમજાવી દઈશ.'

જાગીરદાર ખૂબ જ ડરી ગયો ! તેણે તે દિવસે એક હજાર સોના મહોરો એકઠી કરીને ઝવેરીને આપી.બીજી વાર તે ઝવેરી મહારાજા પાસે ગયો. જયારે જમીનદાર તેને મળ્યો ત્યારે તેણે કહ્યું :

મેં રાજાને સમજાવી દીધા છે. હું તારૂં ધ્યાન બરાબર રાખતો રહીશ.

જાગીરદાર તેને વખતો વખત ભેટો આપતો રહ્યો. પછી તે ઝવેરીને પોતાનો કરવા માટે દરબારીઓ, મંત્રીઓ, કર્મચારીઓ અને સ્વાર્થી પ્રજાજનો ભેટો કરવા લાગ્યા. ઝવેરીનું ધન વધતું જ ગયું ! તે માલામાલ બની ગયો !

એક દિવસ તે ઝવેરીએ રાજા ધનપાલને કહ્યું :

'હું આપને હર મુલાકાતે પાંચ સો સોના મહોરો આપું છું. છતાં આજે મારી પાસે પાંચ લાખથી વધુ સોના મહોરો છે. તે બધું આપને ભેટ ધરવા માગુ છું.'

મહારાજા ધનપાલે અડધી સોનામહોરો જ લીધી. ધનપાલે તે ધૂતારા ઝવેરીને પોતાનો મહામંત્રી બનાવ્યો.

ક્યારેક–ક્યારેક સમજદાર લોકો યે ચાલમાં આવી જાય છે અને કરોળિયા જેવી જાળ ામાં ફસાઈ જાય છે !

# દેડકાંઓનો સરદાર : કાલુદાદા

એક ગાઢ જંગલમાં ઘણાં વૃક્ષો હતાં. આ વૃક્ષાના પાસે જ એક મોટું તળાવ હતું. આ તળાવમાં સેંકડો દેડકાઓ પોતાના કુટુંબ સાથે ત્યાં રહેવા લાગ્યા હતા. તળાવ મોટું હોવાથી જગ્યાનો કોઈ પ્રશ્ન ન હતો. દેડકાનાં બચ્ચાં ખૂબ જ મોજ મજા કરતાં હતાં.

આ દેડકાંઓનો એક સરદાર હતો. તેનું નામ કાલુ. પણ બધા દેડકાઓ તેને માનથી કાલુદાદા કહીને બોલાવતા હતા. કાલુદાદા બહુ જ સમજુ હતા તે સૌને સાથસહકાર આપતા અને ગમે તેનું કામ હોય તો ખડે પગે તે કરવા રાતદિવસ તૈયાર રહેતા. કારણ કે તેને તળાવના સૌ દેડકાઓ પ્રત્યે ખૂબ જ પ્રેમ હતો.

એ દિવસ સોમુ નામનો એક નાગ પોતાના પરિવાર સાથે ત્યાં આવ્યો. તેને આ જગ્યા ખૂબ જ સુંદર લાગી. હવે તે પોતાના પરિવાર સાથે ત્યાં જ રહેવા લાગ્યો. એટલું જ નહીં, પણ તેણે મિત્રો સંબંધીઓને પણ ત્યાં રહેવા બોલાવી લીધા.સોમુ આ જગ્યાએ રહેવા લાગ્યો તેથી દેડકાઓ ઉપર તો આફત ઊતરી આવી. સોમુ અને તેના સાથીઓ રોજ દસ પંદર દેડકાઓને ખાઈ જતા હતા. દેડકાઓનાં નાનાં બચ્ચા બહાર નીકળે તો તેનો પત્તો લાગતો નહીં. આથી બધા કાલુદાદા પાસે ગયા અને કહેવા લાગ્યા. 'દાદા આ શું થયું છે ? આપણી કોઈ સલામતી રહી નથી. હવે આપણે આ જગ્યા છોડે જ છૂટકો છે.'કાલુદાદાએ ગંભીરસ્વરે કહ્યું, 'હું પણ કેટલાય દિવસથી આ અંગે વિચાર કરૂં છું. પણ આ જગ્યા એકદમ છોડાય કેમ ? વર્ષો સુધી મહેનત કરીને આપણે આ જગ્યા રહેવા લાયક બનાવી છે. આપણે એમ કરીએ સોમુ સાપની સાથે વાતચીત કરી જોઈએ. હું તેને સમજાવવાનો પ્રયત્ન કરીશ. જો સમજે તો સારી વાત છે.

બીજે દિવસે કાલુદાદા સોમુના ઘરે આવ્યા. તેમની સાથે બીજા બે–ત્રણ આગેવાન દેડકાઓ પણ હતા. કાલુદાદાએ કહ્યું, 'મોટાભાઈ, તમે અહીં આવ્યા છો તો અમે હાથ જોડીને તમને આવકારીએ છીએ. પરંતુ આ જગ્યા ગ્યા વર્ષોની મહેનત પછી અમે રહેવા લાયક બનાવી છે. છતાં અડધી જગ્યા અમે તમને આપવા તૈયાર છીએ. અડધી જગ્યા તમે અમારા માટે રહેવા દો અને અડધીમાં તમે રહો.

આ સાંભળી સોમુ સાપફૂંફાડો મારીને બોલ્યો, 'તમે કોણ છો મને અડધી જગ્યા આપવાવાળા ? તમારી હિંમત જ કેમ થઈ કે તમે મને આવું કહેવા આવ્યા. હવે તો અહીં હું અને મારા સાથીઓ જ રહીશું. જો વધારે કંઈ ગરબડ કરશો તો બધાને સાફ કરી દઈશું.'દેડકાઓ બધા કૂદી કૂદીને ભાગ્યા. સોમુ સાપના આવા વર્તનથી તેમને ખૂબ દૂઃખ થયું. તેઓ બધા નિરાશ થઈને આ તળાવ છોડી ક્યાંક બીજે જવા તૈયાર થયા. કાલુદાદાએ કહ્યું કે જો સોમુ સાપે આપણી સાથે પ્રેમથી વાત કરી હોત તો આપણે તેની વાતનું ખોટું નલગાડત.

એ વાત ખરી કે તે આપણાથી વધુ તાકાતવાળો છે. પણ બળવાન માટે આવું વર્તન શોભાસ્પદ નથી. હવે તો આપણે સોમુને બરાબર પદાર્થપાઠ ભણાવવો પડશે. જેથી તે કોઈને કમજોર અને અસહાય સમજીને હેરાન ન કરે. આપણે આપણી બુદ્ધિથી તેને હરાવીને જ જંપીશું.'કેવી રીતે ?' એક દેડકાએ પૂછ્યું.

કાલુદાદાએ પોતાની યોજના બતાવી. કાલુનો એક મિત્ર હતો. રઘુ નામનો નોળિયો.કાલુદાદા અને તેના દેડકાઓ દોડતા દોડતા તેની પાસે પહોંચ્યા. અને આખી વાત કરી. રઘુએ વાત સાંભળીને કહ્યું તમે ચિંતા ન કરશો. હું થોડો જ સમયમાં ત્યાં આવી સોમુની ખબર લઉં છું. ત્યાં સુધી તમે તેના હાથમાં ન આવતા.

'સારૂં અમે એમ કરીશું.' એમ કહીને કાલુદાદા અને તેના સાથીઓ પાછા આવતા રહ્યા. બીજે દિવસે પોતપોતાનો સામાન લઈ ઝુંડ બનાવી બધા તળાવ છોડીને દૂર જતા રહ્યા.

તો બીજી બાજુ રઘુ નોળિયો પોતાના સાથીઓ સાથે ત્યાં રહેવા આવી ગયો.આ જોઈ સોમુ સાપ ડરી ગયો. તેણે આ જગ્યા છોડી દેવામાં જ પોતાનું હિત છે એમ લાગ્યું. તેના મિત્રો પણ તેને કહેવા લાગ્યા કે તે સમજયા કાર્યા વિના અમને અહીં બોલાવી લીધા અને અમારો જાન પણ જોખમમાં નાંખ્યો. તારે એટલું તો જોવું હતું કે આ જગ્યા સુરક્ષિત છે કે નહીં ? હવે સોમુ શું કહે ? તેણે તો બધાનું સારૂં થાય એવું જ વિચારેલું પણ થયું ખરાબ તે ચુપચાપ નીચી મૂંડી કરી બેસી રહ્યો. તેને ડર લાગ્યો કે જો વધારે નોળિયા આવી જશે તો બધા સાપોનો ખાત્મો બોલાવી દેશે તેથી સોમુ બધાને સમજાવી રાતોરાત ત્યાંથી જતો રહ્યો.કાલુદાદા અને તેના સાથીઓ એટલામાં જ છુપાયા હતા. તેમણે જોયું કે સોમુ તેના કુટુંબ કબીલા સાથે ભાગી ગયો છે. તો તેઓ બધા ડ્રાઉં ડ્રાઉંનાં ગીત ગાતા નાચતા કૂદતા પાછા ફર્યા.

કાલુદાદાએ રઘુ નોળિયાનો ખૂબ આભાર માન્યો. કારણ કે તેની મદદથી જ તે એક બળવાન શત્રુને હરાવી શક્યા હતા. મુસીબતના સમયે મદદરૂપ બની ને રઘુએ સાચી મિત્રતા નિભાવી હતી.

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો




# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## ઠામ અને ઠીકરાં

ભીતરમાં ભીનાશ અને ઠંડકને જે સાચવી જાણે છે, તે માટલાની ઘડતર કથા કેટલા લોકો જાણતા હશે ? કુંભકારના પગે તળે ખુંદાવું, ચાકડે ચડવું, ટપલા ખમવા અને પછી નિંભાડાની આગ વચ્ચે તપવું. સમાજમાં કેટલાય ધીરજવાન, સ્મિતવંતા, વત્સલ વડીલો માટલાના અનુભવમાંથી પસાર થઈ 'ઘડાયા' હોય છે. સંસાર – નિંભાડાની આગમાં રહીને ય હૈયામાં જે પોતીકી ઠંડક સાચવી શકે, તે કંઈકના કોઠા ટાઢ ા કરે ! સંસારના નિંભાડામાં પાકે છતાં સાજા રહે એ ઠામ, ને ભાંગી જાય એ ? ઠિકરા !

ભીતરની ભીનાશ સાચવીને ઠંડક આપતા માટલાંની ઘડતર કથા કેટલી પ્રેરક છે !

## માર્ગ અકસ્માતો જે ગૃહ દુર્ઘટનાઓ છે

અકસ્માતોની સંખ્યામાં એકાએક જ વધારો થયેલો દેખાય છે. આપણે સમાચાર વાંચીને અટકી જઈએ છીએ. પણ હકીકતમાં એક પછી એક પરિવાર મૃત્યુના ઓછાયા તળે ભાંગતા જાય છે. એટલે શું આપણે વાહન ચલાવવાનું જ જાણીએ છીએ




? એનું નિયમન જાણતા નથી ? એક પ્રજા તરીકે રાતોરાત આપણામાં આવી ઉતાવળ કયાંથી આવી ગઈ ? જે બાળ કો પરથી છત્ર આંચકી લે, પિતા કરતા પુત્ર વહેલા સિધાવે અને ઘરને ગંભીર ભવિષ્ય તરફ નિરાધાર કરે ? મનોવૈજ્ઞાનિક માને છે કે વાહનચાલક વિચારોમાં એવા ખોવાયેલા રહે છે કે તેમને ગતિ, સ્થિતિ, સ્થળ અને કાળનું ભાન રહેતું નથી. પગની ગતિ કરતાં મળેલી વધારાની ગતિને એમનું મન પચાવી શકતું નથી અને સંજોગો કાબુ બહાર જતા રહે છે. વાહનો ગતિ માટે નથી, માત્ર એક સ્થળેથી બીજે સ્થળ ે પહોંચવા માટે જ છે. ગતિ માટે તો વિમાન છે. પૃથ્વી પરના વાહનો તમને સ્થળાંતર કરાવી આપવા માટે જ છે, આટલો વિવેક અને સમજણ નહીં કેળ વીએ તો આવનારા અખબારો ફરી સમાચાર છાપશે. આ ગૃહદુર્ઘનાને ગમે તે ભોગે અટકાવો.

## કુંભકાર હોય કે કથાકાર...

આ દુનિયા પર ભાગ્યે જ એવો બાપ હશે જે દીકરીની ચિંતામાં એક એક વાર પણ રડયો ન હોય ! ઠામ–વાસણ ઘડીને પેટિયું




રળતો કુંભકાર હોય કે જગ વિખ્યાત કથાકાર. સંસારી ગયા પછી એના સુખ અને દુઃખની ચિંતા માવતરને રડાવે, માવતરની દીકરી તરફની આ ચિંતા જ એ વાત સિધ્ધ કરે છે કે, માવતરને મન દીકરીએ કાળજાનો કટકો છે. એનાં સુખચેન માટે મા–બાપ બધું જ કરી છૂટે છે.

## તોફાની મોન્ટુ

એક છોકરો નામ એનું મોન્ટુ, લગભગ ૧૦ થી ૧૨ વર્ષની ઉંમર હશે, પણ ભારે તોફાની વનના વાંદરા ઉતારે એવો કોઈનેય ગાંઠે નહિ ને કોઈનુંય માને પણ નહીં. ભણવા ગણવામાં ચિત્ત ચોંટે જ ક્યાંથી ? લખવા, વાંચવા બેસે જ નહિ આખો દિવસ બસ રખડ્યા જ કરે. અને મિત્રો સાથે મસ્તી કર્યા કરે.

મોન્ટુ ખાવાપીવાનો ખૂબ જ શોખીન એમાંય વળી મીઠાઈ તો એને ખૂબ જ ભાવે, જયાં મીઠાઈ જોવા મળી નથી કે ત્યાં દોડયો નથી. એવો મિષ્ટાન પ્રેમી. મીઠાઈ ખાવાનો ખૂબ શોખીન.

આડોશ પાડોશમાં કે બીજે ક્યાંય પણ મીઠાઈ વહેંચાતી હોય ત્યાં ભાઈ પહેલો દોડી જાય. ચોકલેટ–બરફી પેડાં ખૂબ જ ભાવે. આવા સ્વભાવથી ઘણી વાર એના દોસ્તો પણ કહેતા કે મોન્ટુ વધારે પડતી મીઠાઈ ખવાય નહિ ને તું આટલી બધી મીઠાઈ ખાય છે તે સારૂ ન કહેવાય. ક્યારેક આમાને આમા, આવા ચટકાથી શરીરને કે જાતને નુકસાન કરી બેસીશ. પણ મોન્ટુ કોઈની વાત માને ખરો ! વળ મિત્રો એને સમજાવતા પણ ખરાં કે કોઈપણ વ્યકિત, કંઈ પણ વસ્તુ આપે તો લેવી જોઈએ નહીં. તું જરા ભણવામાં ધ્યાન રાખ. બન્યું પણ એવું કે એક દિવસ મીઠાઈવાળો એક ભાઈ મોન્ટુને ભટકી ગયો, સાથે એના મિત્રો પણ હતાં, પેલા ભાઈએ બધાંને મીઠાઈ ખાવાની લાલચ આપી. પણ મોન્ટુ સિવાય કોઈપણ મિત્રે મીઠાઈ લીધી નહિ કે ખાધી પણ નહિ માત્ર મોન્ટુએ જ મીઠાઈ લઈ ખાઈ ગયો. ખરેખર જે ભાઈએ મીઠાઈ આપી હતી તે ઉઠાવગીર નીકળ્યો. એણે મીઠાઈમાં ઘેનની ગોળી ભેળવી હતી જેથી જે કોઈ આ મીઠાઈ ખાય તે બેભાન થઈ જાય ને એની ઉઠાંતરી કરી શકાય, એવી એની બદદાનત હતી.

મોન્ટુએ મીઠાઈ ખાતા જ થોડીવારમાં બેભાન થઈ ગયો. એટલામાં એમાં મિત્રો આવી ગયા કે આપણો મોન્ટુ ક્યાં ગયો ? કેમ દેખાતો નથી. મિત્રોએ આજુબાજુ શોધખોળ કરતાં જોયું તો મોન્ટુ એક ખંડિયેરમાં બેભાન થઈ પડયો હતો. મિત્રોએ એને ઉપાડી તાત્કાલિક દવાખાને લઈ ગયા. અને એના માતા–પિતાને જાણ કરી.

મોન્ટુની વાત જાણી માતાપિતા ત્યાં આવી પહોંચ્યા. ભગવાનની કૃપાથી મોન્ટુને દવાખાનામાં દાખલ કરવાથી ભાનમાં આવેલ હોઈ એના માતાપિતાને થોડી રાહત થઈ.

મોન્ટુના મિત્રોએ આ બનેલી તમામ હકીકતની માંડીને વાત કરી કે અંકલ અમે બધાં જ હંમેશાં આને ચેતવતા હતા ને વળી સમજાવતા હતા કે બહારની કોઈપણ અજાણી વ્યકિત પાસેથી કંઈ પણ ચીજ વસ્તુ લેવી નહિ કે ખાવી પણ નહિ પણ આતો તોફાની મોન્ટુ ભાઈ ! અમાઢં કહ્યું માનતો નહોતો. પણ જયારે મોન્ટુ ભાનમાં આવ્યો ત્યારે ભારોભાર પસ્તાવો થયો કે હવે પછી હું આવું કામ કયારેય કરીશ નહીં. અને માબાપની તથા મિત્રોની વાત માનીશ, હવે તોફાન પણ બંધ, અને ભણવામાં પણ ધ્યાન આપીશ અને ખાસ તો કોઈપણ અજાણી વ્યકિત પાસેથી કશું જ નહિ લઉં કે આજ પછી ખાઈશ પણ નહિ. આવા પસ્તાવાથી મોન્ટુના મિત્રો તથા તેના માબાપ પણ ખુશ થયા. મોન્ટુના માબાપે બધા મિત્રોની મિત્રતાને બિરદાવીને સહુ પોતપોતાને ઘેર ગયા.


# ફૂલ ચૂંટનારો – કરસનદાસ લુહાર

એક હતું ફૂલ. રંગબેરંગી અને સુગંધી. છોડ પર બેઠું બેઠું દિવસભર હસતું રહે. સુગંધ વેરતું રહે. છોડની પાતળી ડાળી પર ઊછળતું કૂદતું રહે. હવાની લહેરખી ફૂલને મળવા આવે. ટહુકા કરતાં પંખી એની પાસે આવે. ખબર પૂછે. ફૂલ હસતું હસતું કહે : ''બસ, મઝ્ઝા રે મઝ્ઝા !''

હવાની લહેરખી જાય ત્યારે એની ફોરમ સાથે લઈ જાય. પંખી ટહુકો મૂકીને ઊડી જાય અને ફૂલના રંગો આંખમાં લેતું જાય. રંગરંગીલું પતંગિયું ઊડતું ઊડતું આવતું દેખાય. ત્યારે ઘડીભર તો ફૂલને એમ થાય કે : આ મારા જેવું બીજું કોઈ ફૂલ ઊડતું આવતું લાગે છે ! પાસે આવે ત્યારે ખબર પડે કે, આ તો પતંગિયું છે ! પતંગિયું ફૂલ પર બેસે. રસ ચૂસે. ફૂલ તો ચૂસવા દે. ભમરો ગુનગુન કરતો આવે. ફૂલની આજુબાજુ ઊડે. ફૂલ તો ઊડવા દે. ભૂખ લાગી હોય તો રસ પણ પીવા દે. મધમાખી આવી ચડે તો એનેય રસ ચૂસવાની ના ન પાડે.

ફૂલ તો હંમેશાં પોતાનામાં જ મશગૂલ. છતાં બહુ ઉદાર. પોતાનું કશું જ પોતે રાખે નહિ. બધું વહેંચી દે. વેરી દે. વિખેરી દે. રંગ ઉડાડે. સુગંધ બધી હવાને આપી દે. પતંગિયાં, ભમરા અને મધમાખીને રસ લૂંટાવી દે. અને ઉપરથી રાજીરાજી રહે. ખિલખિલાટ હસ્યા કરે. ડાળીના હીંચકા પર એય મોજથી ઝૂલતું રહે.

એક દિવસ એક માણસ આવ્યો. માણસ તો જાડો, તગડો, ધોતિયું પહેરેલું. ઉપર અંગરખું પહેરેલું. કપાળમાં ત્રિપુંડ તાણેલું. માથા પર મોટી ચોટલી ફગફગે. છોડ પાસે આવીને ઊભો રહ્યો. કંઈક અષ્ટમ્ પષ્ટમ્ બોલ્યો. ફૂલને કંઈ સમજાયું નહિ. ભમરાને કશું સંભળ ાયું નહિ. પતંગિયાને કંઈ દેખાયું નહિ. મધમાખી એને જોતી રહી. છોડની ઉપરના આકાશમાં ઊડતું પંખી પાંખો ફફડાવવાનું ભૂલી ગયું. ફરફરતી હવાય થંભી ગઈ. ફૂલના રંગ જાણે શિવાંવિયાં થઈ ગયા. સુગંધ બિચારી



ડરી ગઈ. છોડ ધ્રૂજી ઊઠયો.

માણસ છોડ ઉપરથી ફૂલને તોડવા ચૂંટવા આવ્યો હતો. ફૂલ ચૂંટીને એને લઈ જવું હતું. દેવના માથા પર ચઢાવવું હતું. માણસ ફૂલ સામે એકધાઢં જોઈરહ્યો. એનાથી બોલી જવાયું: 'કેવું સુંદર ફૂલ !! દેવના માથા ઉપર કેવું શોભશે ! બસ, હવે હમણાં જ ફૂલ ચૂંટી લઉં !માણસનાં આ વેણ હવાએ સાંભળ્યાં. પંખીએ સાંભળ્યાં. પતંગિયાએ સાંભળ્યાં. ભમરાએ સાંભળ્યાં ને મધમાખીએ પણ સાંભળ્યાં. સૌ સમજી ગયાં. આ માણસ છોડ પરથી ફૂલ તોડી જવાનો છે. પંખી થોડુંક નીચે આવીને પાંખો ફફડાવવા લાગ્યું. હવા ગરમગરમ થઈ ગઈ. ભમરાનો ગુંજારવ લાલઘુમ્મ થતો રહ્યો. પતંગિયું ઉદાસ થઈ ગયું. મધમાખીને ક્રોધ ચઢ્યો. પંખીએ ભમરાના કાનમાં છાનુંમાનું કંઈક કહ્યું. ભમરાએ મધમાખીને કહ્યું. મધમાખીએ પતંગિયાને સાનમાં સમજાવી દીધું. ફૂલ બિચારૂં હસવાનું ભૂલી ગયું હતું અને બીકથી ફફડતું હતું.

માણસે ફૂલને ચૂંટવા હાથ લાંબો કર્યો. એ જ વખતે પતંગિયું જઈને માણસના નાક પર બેસી ગયું. ભમરો એના અંગરખાના પાછળના ભાગમાં ભરાઈ બેઠો. ફૂલ ચૂંટવા લંબાયેલા હાથ પર મધમાખીએ જોરથી ડંખ દીધો. અને માણસનો હાથ પાછો વળી ગયો. મધમાખી જયાં કરડી હતી ત્યાં બહુ બળતું હતું. એ થોડી વાર ત્યાં ફૂંક મારતો રહ્યો.રાહત થઈને ફરીથી એણે છોડ તરફ હાથ લંબાવ્યો. તો પંખીએ એના ચોટલીવાળા માથા પર અણીદાર ચાંચ મારી. મધમાખીએ એની ગરદન પર બે–ત્રણ ચટકા ભર્યા. ભમરો એની પીઠને કરડવા લાગ્યો. પતંગિયું ઊડાઊડ કરતું એના કાન, નાક અને પાંપણો પર ઊઠબેઠ કરવા લાગ્યું. પંખીએ વળી એના માથા પર જોરથી ચાંચ મારી. મધમાખીએ વળી પાછો મોટો ડંખ દીધો. ભમરાએ એની પીઠમાં કાણું પાડી દીધું.

માણસના મોંમાંથી મોટી ચીસ નીકળી ગઈ. ફૂલને ચૂંટવાનું મૂકીને એ તો મુટ્ટીઓ વાળીને ભાગ્યો. એવો ભાગ્યો, એવો ભાગ્યો કે, પંખી, ભમરો, મધમાખી, પતંગિયું અને પવનની લહેરખી, સૌ ખડખડાટ હસી પડ્યાં. હવાની નટખટ લહેરખી ફેરફૂદરડી ફરતી બોલી : ''લે, લેતો જા. આવ્યો'તો મોટો ફૂલ ચૂંટનારો !''

('બાલઆનંદ' – સપ્ટેમ્બર)

# પતંગ પુરાણ

**પતંગનો જન્મ**

કાગળ અને ઢઢ ા–કમાનનું આ આકાશી રમકડું કોણે શોધી કાઢ્યું, એ વિશે થોડીક શંકા છે. ગ્રીકો કહે છે કે અમે ચાર હજાર વરસ પહેલાં પતંગની શોધ કરી હતી. એ વેળા રેશમના પતંગ બનાવવામાં આવતા હતા.

પરંતુ વધુ શ્રદ્ધેય દાવો ચીનનો છે. કહેવાય છે કે ચીનમાં ઈસુ પૂર્વે સુથારે ૭૭૦–૪૭૬ના વસંત અને પાનખર યુગમાં ગોંગ શુબાન નામના એક સુથારે વિની પહેલી પતંગ બનાવી હતી. આ પતંગ લાકડાની બનાવેલી હતી અને આ એનો ઉપયોગ એણે સોંગ નામનાં રાજયના લેખાંજોખાં લેવા સાઢં હવામાં ઊડવા માટે બનાવી હતી.

ચીનના જ પશ્ચિમ હાન વંશના શાસન દરમિયાન (ઈ. સ. ૨૦૬થી ઈ. સ. ૩૨૪) લડાયેલા એક યુદ્ધમાં સેનાપતિ ઝિયાંગ યુનાં દળોને ડરાવવા માટે આકાશી પદાર્થો ઊડતા દેખાડવા માટે સેનાપતિ હાન ઝીને પતંગોનો ઉપયોગ કર્યો


પતંગ ચડાવતાં ચીનના લોકો

હોવાની નોંધ મળે છે.


ત્યાં સુધી જે પતંગો બનતા તે લાકડાંનાં 'પાટિયાં'નાં બનેલા રહેતા. પરંતુ તે પછી ઈ. સ. ૧૦૫ની સાલમાં કેટ બુન નામના દરબારી હીજડાએ ઝાડની છાલ, ચીંથરાં અને જરીપુરાણી મત્સ્યજાળો કૂટી કૂટીને એમાંથી કાગળ બનાવવાનું શોધી કાઢ યું.

ત્યારથી તો કાગળના પતંગો બનાવવાનું સાવ સહેલું બની ગયું અને તાંગ વંશ (ઈ. સ. ૬૧૮થી ૯૦૭) દરમિયાન તો પતંગો ચીન દેશમાં રાષ્ટ્રીય રમત બની ગયા.


અને પછી થોડા જ વખતમાં પતંગો નજીકના એશિયાઈ દેશમાં અને પછી આખી દુનિયામાં પ્રસરી ગયા. ક્રમશઃ

# આ મારું ચિત્ર છે


ધારવી
( ધોરણ–૪, રૂપાયતન પ્રા.શાળા)


ધ્રૃવા દેસાઈ
( ધો.૪ રૂપાયતન પ્રા.શળા )


શ્રી કૃષ્ણ ભગવાન
(શાળા : રૂપાયતન પ્રા.શાળા)


કાવ્યા વિનુભાઈ નિમાવત
( ધો.૮, રૂપાયતન પ્રા.શાળા – અમરેલી )

# ઈફ્કો ચેરમેન દિલીપ સંઘાણીની અધ્યક્ષતામાં ''સ્માર્ટ સહકારી સંસ્થાઓ'' પર કાર્યશાળા યોજાઈ






પી.એચ.ડી. ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (PHDCCI) દ્વારા નવી દિલ્હીમાં PHDCCIની કોપરેટીવ કમિટીના અધ્યક્ષ તરીકે નિમણુંક થયા બાદ ''વિકસિત ભારત ૨૦૪૭ માટે PACS–નેતૃત્વવાળી સ્માર્ટ સહકારી સંસ્થાઓ (Building PACS-led Smart Cooperatives for a Viksit Bharat @ 2047)'' રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યશાળાની અધ્યક્ષતા સહકારિતા ક્ષેત્રના વરિષ્ઠ નેતા, NCUI, IFFCO અને GUJCOMASOLના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ કરી હતી. કાર્યક્રમને સંબોધતાં દિલીપ સંઘાણીએ જણાવ્યું કે આ દુરંદેશી વિષય સહકારિતાના ભવિષ્યને દિશા આપનારૂં છે. તેમણે આ મહત્વપૂર્ણ પહેલ માટે PHDCCIને વિશેષ અભિનંદન પાઠવ્યા અને જણાવ્યું કે આ આયોજન દેશમાં પ્રાથમિક કૃષિ સાખ સમિતિઓ (PACS)ને સશકત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. સંઘાણીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રચાયેલા સહકારિતા મંત્રાલય દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોની પ્રશંસા કરી. તેમણે જણાવ્યું કે કેન્દ્રિય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના નેતૃત્વ હેઠળ સહકારિતા ક્ષેત્ર માટે લેવામાં આવેલા પગલાં નોંધપાત્ર છે. મંત્રાલયની સ્થાપના બાદ PACSને સશકત, આધુનિક અને બહુમુખી બનાવવા માટે સતત કાર્ય કરવામાં આવી રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું કે દેશમાં નવા મોડલ બાયલાઝ (Model Bye-Laws) અમલમાં મૂકવાની પહેલ સહકારિતા વિકાસમાં મહત્વપૂર્ણ સાબિત થશે. સહકારિતા મંત્રાલયની સ્થાપના, PACSનું કમ્પ્યુટરીકરણ, બહુ–રાજય સહકારી સંસ્થાઓ સંબંધિત નીતિગત સુધારા તેમજ પારદર્શિતા અને જવાબદારી પર આપવામાં આવેલ વિશેષ ભાર આ તમામ પહેલોથી સહકારી આંદોલનને નવી દિશા અને ગતિ મળી છે. કાર્યશાળામાં PACSને સ્માર્ટ, ટેકનોલોજી– સક્ષમ અને બહુહૈતુક સહકારી સંસ્થાઓ તરીકે વિકસિત કરવા અંગે વિસ્તૃત વિચાર–વિમર્શ કરવામાં આવ્યો, જેથી તેઓ વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્યમાં અસરકારક યોગદાન આપી શકે. રાષ્ટ્રીય કાર્યશાળામાં ડો. સુધાન્શુ (સચિવ, APEDA), પ્રકાશ નૈનકવર (મેનેજીંગ ડિરેક્ટર, NFCSSF), ડો. રંજીત મહેતા (મુખ્ય કાર્યકારી અધિકારી અને મહાસચિવ, PHDCCI) તેમજ ડો. જતિંદર સિંહ (ઉપ મહાસચિવ, PHDCCI) સહિત દેશભરમાંથી આવેલા PACSના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

## અવસાન નોંધ



**ખાંભા :** ડો. હસુભાઈ આત્મારામભાઈ નિમ્બાર્ક (ઉ.વ. ૭૨) તે ડો. મહર્ષિભાઈ તથા દીર્ઘાયુભાઈનાં પિતા, રમાબેન લશ્કરી દિલીપભાઈ, હિતેન્દ્રભાઈનાં ભાઈનું તા. ૧૬ જાન્યુઆરીનાં રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૧૯ જાન્યુઆરીનાં સોમવારના રોજ ૯ થી ૬ સુધી ખાંભા નિવાસસ્થાને રાખેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૦ | ૧૬૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૪૧૦ |
| ૩ | મગફળી | ૧૧૩૫ | ૧૩૭૫ |
| ૪ | તલ સફેદ | ૧૬૭૦ | ૧૮૮૦ |
| ૫ | તલ કાળા | ૩૦૩૦ | ૪૦૪૦ |
| ૬ | જીરૂ | ૩૩૧૦ | ૪૦૦૦ |
| ૭ | ઘઉં | ૪૭૮ | ૫૨૨ |
| ૮ | ચણા | ૯૨૨ | ૧૦૭૮ |
| ૯ | તુવેર | ૯૧૦ | ૧૩૭૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૫૦ | ૧૩૭૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૩ | ગીરનાર શીંગ | ૧૦૦૦ | ૧૩૮૦ |
| ૪ | શિંગ મોટી | ૯૪૦ | ૧૪૦૦ |
| ૫ | શિંગદાણા | ૯૦૦ | ૧૬૨૦ |
| ૬ | શિંગદાણા ફાડા | ૧૩૮૦ | ૧૫૭૦ |
| ૭ | તલ સફેદ | ૯૪૫ | ૨૦૪૫ |
| ૮ | તલ કાળા | ૨૦૦૦ | ૪૧૯૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૯૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૮૫ | ૫૩૦ |
| ૧૧ | મગ | ૧૫૯૦ | ૧૭૫૫ |
| ૧૨ | અડદ | ૧૦૬૦ | ૧૪૫૦ |
| ૧૩ | ચણા | ૮૪૫ | ૧૧૦૦ |
| ૧૪ | સફેદ ચણા | ૬૮૦ | ૧૦૮૫ |
| ૧૫ | તુવેર | ૭૩૦ | ૧૪૦૦ |
| ૧૬ | વાલ | ૯૦૫ | ૧૩૦૦ |
| ૧૭ | કપાસ | ૧૦૫૦ | ૧૬૬૦ |
| ૧૮ | એરંડા | ૧૧૦૦ | ૧૨૫૫ |
| ૧૯ | જીરૂ | ૩૦૦૦ | ૪૨૭૫ |
| ૨૦ | રાયડો | ૧૪૭૫ | ૧૪૭૫ |
| ૨૧ | ધાણા | ૧૪૧૫ | ૧૮૯૫ |
| ૨૨ | અજમા | ૨૨૮૦ | ૨૨૮૦ |
| ૨૩ | મેથી | ૯૯૫ | ૧૦૩૫ |
| ૨૪ | સોયાબીન | ૯૦૦ | ૧૦૧૦ |
| ૨૫ | મરચા લાંબા | ૧૫૨૦ | ૪૧૭૦ |

પાના ૮ ઉપરનું ચાલું **જિલ્લાનાં દરિયાઈ માર્ગે બોટ દ્વારા**

માર્ગદર્શન આપેલ હોય. તેમજ સાવરકુંડલા ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયાએ સાવરકુંડલા ડીવીઝન વિસ્તારમાં પ્રોહીબીશન લગત પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડો કરી કડક કાર્યવાહી કરવા સુચના તથા માર્ગદર્શન આપેલ હોય.

જે અન્વયે જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એમ.બી. ગોહિલના માર્ગદર્શન હેઠળ જાફરાબાદ મરીન ટીમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે, જાફરાબાદ તાલુકાના ધારાબંદર ગામે ડંકા (લેન્ડીંગ પોઈન્ટ) વિસ્તારમા બોટો દ્વારા દરીયાઈ માર્ગે કોઈ ઈસમો ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો લાવી લોડીંગ વાહનમાં ભરી હેરાફેરી કરે છે. જે બાતમી આધારે જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન ટીમ વોચમાં રહી ભારતીય બનાવટની અલગ અલગ બ્રાન્ડની નાની મોટી વિદેશી દારૂ તથા હેરાફેરીમાં વપરાયેલ વાહન સહિતનો મુદ્દામાલ પકડી પાડેલ છે.

(૧) સફેદ કલરની મહિન્દ્રા બોલેરો પીકઅપ વાહન નં. જી.જે.–૩૨ ટી–૧૭૦૭નો ચાલક/ માલિક સામે ગુન્હો નોંધેલ છે.

આ કામગીરી જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર તથા પો.સ.ઈ. એ.એમ. રાધનપરા તથા હેડ કોન્સ. આશિષસિંહ ઝાલા તથા હેડ કોન્સ. સુરેશભાઈ ડાભી તથા પો.કોન્સ. સંદિપભાઈ મકવાણા તથા પો.કોન્સ. વિક્રમભાઈ ભુકણ દ્વારા કરવામાં આવેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૪૦ | ૧૫૭૫ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૩૭૫ | ૩૭૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૦૧ | ૧૬૦૧ |
| ૨ | મગફળી | ૧૧૭૬ | ૧૧૭૬ |
| ૩ | બાજરો | ૬૦૦ | ૬૦૦ |
| ૪ | ઘઉં | ૫૦૦ | ૬૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૩૭૫ |
| ૩ | તલ સફેદ | ૧૬૫૦ | ૨૦૬૩ |
| ૪ | તલ કાળા | ૩૫૦૦ | ૪૦૦૦ |
| ૫ | જીરૂ | ૩૮૦૦ | ૪૩૨૧ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૬૦૨ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૫૮૪ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૫૭૦ |
| ૧૦ | જુવાર | ૪૦૦ | ૧૦૧૦ |
| ૧૧ | અડદ | ૬૦૦ | ૯૫૦ |
| ૧૨ | ચણા | ૮૫૦ | ૧૦૦૦ |
| ૧૩ | તુવેર | ૧૨૦૦ | ૧૬૨૨ |
| ૧૪ | ધાણા | ૧૨૦૦ | ૧૬૨૫ |
| ૧૫ | સોયાબીન | ૮૫૦ | ૯૨૨ |

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલા ખાતે માર્કેટયાર્ડમાં**

વરદ હસ્તે વિધીસર પુજન કરી શ્રીફળ વધેરીને ખેડુતો તથા વેપારીઓનું મોં મીઠુ કરાવીને હરરાજીની શુભ શરૂઆત કરવામાં આવી હતી. અને ખરીદનાર વેપારીઓ તેમજ યાર્ડના સ્ટાફગણ અને ડીરેકટરઓની ઉપસ્થિતીમાં ખરીદનાર વેપારીઓમાં મુહુર્તના ધાણા ખરીદવા માટે બોલીઓ બોલવામાં આવતા વેપારી પેઢી રૂદ્ર એન્ટરપ્રાઈજ દ્વારા રૂા. ૨૦૨૬ની ઊચી બોલી બોલીને ધાણા ખરીદ કરેલ હતી. જેથી મુહુર્તના સારા ભાવ બોલાતા ખેડુતોમાં પણ ખુશીનો માહોલ છવાયો હતો.

પાના ૮ ઉપરનું ચાલું **રાજુલાની એક યુવતી સાથે**

બાંધેલ હતો. અને તે તેની જાણ બહાર આરોપીએ યુવતિના શરીર સબંધ બાંધતા હોય તેવા નગ્ન હાલતના વિડિયો અને ફોટાઓ આરોપીએ પોતાના મોબાઈલમા ઉતારી લીધેલ હતાં. અને આ ઉતારેલ નગ્ન હાલતના ફોટા અને વિડિયો વાયરલ કરવાની ધમકી આપી અને યુવતી સાથે અવાર નવાર શરીર સબંધ બાંધતો અને આરોપી તેના વિડિયો તથા ફોટો વાયરલ કરવાની ધમકી આપી યુવતી પાસેથી અલગ અલગ રીતે કુલ મળી રૂપિયા ૮૦,૦૦૦ મેળવી લીધા હતાં. તેમ છતા આ વિડિયો તથા ફોટા વાયરલ ના કરવા માટે આરોપીએ વધુ રૂપિયા ૨૦,૦૦,૦૦૦ ની માંગણી કરી હતી.

બાદમાં આરોપીએ પોતાના મોબાઈલમા યુવતીના ઉતારેલ નગ્ન અવસ્થાના ફોટો તથા વિડિયો સોશિયલ મિડીયા મારફતે વાયરલ કરી દઈ અને યુવતીનો આવો અશ્લીલ વિડિયો તથા ફોટા ઈલેકટ્રોનિક માધ્યમ દ્વારા વાયરલ કરી યુવતીને સમાજમાં બદનામ કર્યા અંગેની આરોપી સામે રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાવતા રાજુલા પોલીસ સ્ટેશનનાં પી.આઈ. વી.એમ. કોલાદરાએ વધુ તપાસ હાથ ધરી આરોપીની શોધખોળ આદરી છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં માર્કેટયાર્ડમાં સિઝનનાં**

હીતેષભાઈ રે.સનવાવ ગામનાં ખેડૂત, કમિશન એજન્ટ હબીબભાઈ વલીભાઈ એન્ડ કાં. ની દલાલીમાં અંદાજીત ૭૩ મુદ્દા જેટલા ઘઉં લઈને આવેલ હતાં અને નવા ઘઉની ખરીદી વેપારી જોગાણી બ્રધર્સ દ્વારા કરવામાં આવેલ હતી. જેનો પ્રતિ મણનો ભાવ રૂા. ૫૭૦ સુધી થયેલ હતો તેમજ ઉકાભાઈ રે.ચિતલ ગામનાં ખેડૂત, કમિશન એજન્ટ દેસાઈ એન્ડ કાં. ની દલાલીમાં અંદાજીત ૫ મુદ્દા જેટલા મગ લઈને આવેલ હતાં અને નવા મગની ખરીદી વેપારી સુમિત ટ્રેડર્સ દ્વારા કરવામાં આવેલ હતી. જેના પ્રતિ મણનો ભાવ રૂા.૧૭૫૫/– સુધી થયેલ હતો અને રજાકભાઈ રે.રૂપાવટી ગામનાં ખેડૂત, કમિશન એજન્ટ ચામુંડા ટ્રેડીંગની દલાલીમાં અંદાજીત ૫ મુદ્દા જેટલી તુવેર લઈને આવેલ હતાં અને નવી તુવેરની ખરીદી વેપારી બાલકૃષ્ણ ટ્રેડર્સ દ્વારા કરવામાં આવેલ હતી. જેનો પ્રતિ મણનો ભાવ રૂા. ૧૩૯૦ સુધી થયેલ હતો આમ માર્કેટયાર્ડ અમરેલી ખાતે નવા ઘઉં, મગ અને નવી તુવેરની આવક શરૂ થઈ ગયેલ છે અને ખેડૂતોને તેના ભાવો પણ સારા મળે છે. તેમ બજાર સમિતિનાં સેક્રેટરી તુષારભાઈ હપાણીએ એક અખબાર યાદીમાં જણાવ્યુ હતું.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૬૩૪ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૨ | ૫૨૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૩૨ |
| ૪ | ચણા | ૯૧૫ | ૧૦૩૨ |
| ૫ | ધાણા | ૧૪૩૫ | ૧૭૩૫ |
| ૬ | અડદ | ૭૦૦ | ૧૦૬૫ |
| ૭ | સોયાબીન | ૬૨૦ | ૧૦૦૫ |
| ૮ | મગફળી | ૮૬૫ | ૧૨૯૦ |
| ૯ | તુવેર | ૮૦૦ | ૧૩૫૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૧૭૫ | ૧૩૯૦ |
| ૧૧ | ચણા સફેદ | ૧૫૦૦ | ૧૮૩૦ |

પાના ૮ ઉપરનું ચાલું **લીલીયા મોટા ખાતે પત્રકારોની**

મેઈન બજારમાં કોઈ અનામી વ્યકિતએ જાહેરમાં બોર્ડ મુકી પત્રકારોની આબરૂ અને નિષ્ઠાને હાની પહોંચે તે પ્રકારનું લખાણ કરી ગ્રામજનો વચ્ચે મુકેલ છે. તેથી ખંત અને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી રહ્યા હોય તેથી પત્રકારોમાં દુ:ખની લાગણી ઉભી થવા પામેલ છે. જાહેરમાં પત્રકારોની આબરૂ અને નિષ્ઠાને હાની પહોંચાડનાર અનામી વ્યકિત સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પત્રકાર સંઘ દ્વારા કરવામાં આવી છે.

પાના ૧ ઉપરનું ચાલું **અંતે ગિરિશ ભીમાણી વિરૂધ્ધ**

આવતાં સમગ્ર શૈક્ષણિક જગતને કલંકિત કરનારા આ ઈસમ સામે અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં રોષ વ્યાપી જવાં પામેલ છે. ત્યારે આજે અમરેલી ખાતે વિદ્યાસભા સંકુલમાં આવેલ બી.સી.એ. કોલેજ ખાતે અમરેલી એ.બી.વી.પી. દ્વારા 'ગિરીશ ભીમાણી હાય હાય, ગિરીશ ભીમાણી મુર્દાબાદ' નારા લગાવી આંદોલન શરૂ કરી દેવામાં આવેલ છે. ત્યારે આજે સવારે અમરેલી એ.બી.વી.પી. દ્વારા એક પ્રેસ કોન્ફરસ પણ કરી હતી. જેમાં આબુ ખાતે ગિરીશ ભીમાણીએ કરેલ કૃત્યના સી.સી.ટી.વી. ફૂટેજ મીડિયા સમક્ષ રજુ કરવામાં આવ્યાં હતાં.

અમરેલી એ.બી.વી.પી.ના નીતિન નકુમે જણાવ્યું હતું કે, આ પ્રવાસના આયોજન પહેલાં જ ગિરીશ ભીમાણીની મેલી મુરાદ હતી. સાંજે પ્રવાસ અમરેલીથી રવાના થાય તેવું આયોજન કરવામાં આવેલ હતું. પરંતુ આ શખ્સ દ્વારા પ્રવાસ રાત્રે ઉપડે તે માટે થઈને દબાણ કરવામાં આવેલ હતું.

ત્યાર બાદ આ ગિરીશ ભીમાણી આ કોલેજનાં પ્રવાસ પાછળ આબુ પહોંચી જઈ અને આ પ્રવાસમાં ગયેલી વિદ્યાર્થીનીઓ એક ઠંડા પીણાની દુકાને તથા આઈસ્કીમ પાર્લરમાં ગઈ હતી ત્યારે આ શખ્સ દ્વારા જાહેરમાં વિદ્યાર્થીનીઓની છેડતી કરી હતી. ત્યારે અમરેલી એ.બી.વી.પી. દ્વારા આ ઘટનાંના સી.સી.ટી.વી. ફૂટેજ પણ મેળવી લઈ મીડિયા સમક્ષ જાહેર કર્યા હતાં.

આ ઘટનાં બાદ આ પ્રવાસ અમરેલી પહોંચતાં અમરેલી એ.બી.વી.પી.ના કાર્યકરો દ્વારા આ ઘટના અંગે વિદ્યાસભા દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવા માંગણી કરતાં આ વિદ્યાસભાના એક ટ્રસ્ટી દ્વારા મામલાને રફેદફે કરવાં માત્ર ગિરીશ ભીમાણીને સેવા મુકત કરી દેવામાં આવ્યાં હતાં.

બાદમાં એ.બી.વી.પી.ના કાર્યકરો વિદ્યાર્થીનીઓ સાથે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં આધાર પુરાવા સાથે ફરિયાદ કરવાં માટે થઈ પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યાં હતાં. પણ ત્યાં પણ આ બનવાની ફરિયાદ કે ગિરીશ ભીમાણી વિરૂધ્ધ અરજી લેવાની ફરજ પરના પોલીસ કર્મી ધ્વારા ના પાડી દેવામાં આવી હતી તેવો પણ આક્ષેપ કરાયો છે.

ત્યારે આજે અમરેલી એ.બી.વી.પી. દ્વારા એવી માંગ કરવામાં આવેલ છે કે, આ બનાવમાં શરૂઆતથી જ આ ગિરીશ ભીમાણીના મામલાને રફેદફે કરવાં માટે ભુંડી ભૂમિકા ભજવનાર તથા આ ફરિયાદ અથવા તો અરજી નહીં લેનાર જવાબદાર પોલીસ કર્મી સામે પોલીસ અધિક્ષકના વડપણ હેઠળ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરી અને તપાસ હાથ ધરવા અને આ બનાવમાં આરોપીને છાવરવાનો પ્રયાસ કરનાર સામે પગલાં ભરવા પણ અંતમાં અમરેલી એ.બી.વી.પી.ના કાર્યકરોએ માંગણી કરેલ છે.

જેને લઈને વિદ્યાસભાનાં ટ્રસ્ટી ચતુરભાઈ ખૂંટ ધ્વારા વિદ્યાર્થીઓની સંગાથે સિટી પોલીસે રૂબરૂ જઈ ગિરિશ ભીમાણી વિરૂધ્ધ લેખિતમાં ફરિયાદ અરજી અપાતા હવે પોલીસ વિભાગ શું કરે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૫૦ | ૧૨૮૧ |
| ૨ | તલ સફેદ | ૧૯૦૦ | ૧૯૨૫ |
| ૩ | તલ કાળા | ૩૨૦૦ | ૩૮૧૦ |
| ૪ | તલ પીળા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૫ | કપાસ | ૧૦૦૦ | ૧૫૯૨ |
| ૬ | બાજરો | ૩૭૧ | ૩૮૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૧૫ |
| ૮ | જુવાર | ૭૦૦ | ૧૧૬૦ |
| ૯ | મગ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૧૦ | તુવેર | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૧૧ | ચણા | ૧૦૧૧ | ૧૧૫૧ |
| ૧૨ | મેથી | ૧૦૬૧ | ૧૦૬૧ |
| ૧૩ | રાય | ૧૮૦૦ | ૧૮૦૦ |

# બગસરા : દેશમાં નામ રોશન કરવા બદલ મેઘાણી હાઈસ્કુલની વિદ્યાર્થીનીઓનું સન્માન






તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા મેઘાણી હાઈસ્કૂલની તરવાડીયા અમીશા અને તેમના ગ્રુપે ગુજરાત રાજયમાં પ્રથમ નંબર લઈ અને દિલ્હી મુકામે યોજાયેલ યુથ ફેસ્ટિવલમાં ગુજરાત તરફથી પોતાનું પ્રતિનિધિત્વ કરી સમગ્ર દેશમાં મેઘાણી હાઈસ્કૂલ અને બગસરાનું નામ ગુંજતું કરી દીધું છે તે અનુસંધાને તેઓ દિલ્હીથી પરત આવતા મેઘાણી હાઈસ્કુલ અને નગર સેવાસદન બગસરા દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ આ તકે બગસરા નગરપાલિકાના પ્રમુખ પ્રતિનિધિ એ.વી. રીબડીયા, રનિભાઈ ડોડીયા, અનિલભાઈ વેકરીયા, મનોજભાઈ મહિડા, રમેશભાઈ સુવાગીયા, ધીરૂભાઈ કોટડીયા, જેન્તીભાઈ, કિશોરભાઈ ધાડીયા, જેન્તીભાઈ વેકરીયા, જગદીશભાઈ સતાણી, નકાભાઈ, પ્રવીણભાઈ બોરડ, મુકેશભાઈ નારીગર, રમેશભાઈ ગોહેલ, મહેશભાઈ પરમાર, મહેશભાઈ માંડલિયા વગેરે આગેવાનો તેમજ ગામની વિવિધ સંસ્થાના ઉપસ્થિત રહી વિદ્યાર્થીની બહેનોનું સ્વાગત કરવામાં આવ્યું આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં મેઘાણી હાઈસ્કુલના સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવેલી હતી આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જે લોકોએ ભાગ લીધો છે કે તમામનો શાળાના આચાર્ય વી.કે. જેઠવાએ આભાર વ્યકત કર્યો હતો કાર્યક્રમનું સંચાલન સ્નેહી પરમારએ કર્યું હતું.

બસીયા પરિવારનાં દીકરીબાને મહત્વનું પદ મળ્યું

# ચલાલા પલિકાનાં નવનિયુક્ત પ્રમુખનાં પિયર બાબરા ખાતે ખુશીનો માહોલ

**ચલાલા શહેર વિકાસનાં ક્ષેત્રે આગળ વધશે તેવી સૌમાં આશા**



બાબરા, તા. ૧૬

ચલાલા નગરપાલિકાના પ્રમુખ તરીકે બાબરાની દીકરીબા ભૂમિકાબેન વાળાની વરણી કરવામાં આવતા સમગ્ર પંથકમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. ખાસ કરીને બાબરા સ્થિત તેમના પિયર પક્ષ બસિયા પરિવાર ધ્વારા દીકરીની આ ભવ્ય સફળતાને આશીર્વાદ સહ વધાવી લેવામાં આવી છે.

નવનિયુકત પ્રમુખ ભૂમિકાબેન વાળા બાબરાના સ્વ. પ્રતાપભાઈ જેઠસુરભાઈ બસિયાની સુપુત્રી, બાબરા શહેર ભાજપના પૂર્વ પ્રમુખ ભુપતભાઈ બસિયાના ભત્રીજી તથા ૐ સાઈ કોમ્પ્યુટર કલાસીસના જયરાજભાઈ બસિયા અને વનરાજભાઈ બસિયાના બહેન થાય છે. પોતાની દીકરીએ ચલાલામાં ઉચ્ચ પદ પ્રાપ્ત કરતા બસિયા પરિવારના સભ્યો ધ્વારા રૂબરૂ તેમજ સોશિયલ મીડિયાના માધ્યમથી આશીર્વાદ સહ શુભેચ્છાઓનો વરસાદ કરવામાં આવ્યો હતો.

એક તરફ સબળ રાજકીય વારસો અને બીજી તરફ જનસેવાની ધગશ ધરાવતા આ દંપતીના શિરે હવે ચલાલાના વિકાસની જવાબદારી સોંપવામાં આવી છે. જિલ્લા ભાજપ ધ્વારા ભૂમિકાબેન વાળા પર પસંદગીનો કળશ ઢોળવામાં આવતા ચલાલા અને બાબરા બંને શહેરોના ભાજપના કાર્યકરો અને બસિયા પરિવારમાં દિવાળી જેવો માહોલ સર્જાયો છે. આગામી સમયમાં ચલાલા નગરપાલિકા વિકાસના નવા શિખરો સર કરશે. તેવી આશા લોકો વ્યકત કરી હતી.

**મહારાષ્ટ્ર નગર નિગમની ચૂંટણીમાં કોંગ્રેસને ૩ સીટ મળી**

# મહારાષ્ટ્રની ૨૯ નગર નિગમમાંથી ૨૧ સીટ પર ભાજપનો કબજો

**શિવસેના (શિંદે જૂથ), કોંગ્રેસ અને શિવસેના (ઠાકરે જૂથ)ને મર્યાદિત સફળતા**

**મતગણતરીના પરિણામો બતાવે છે કે રાજ્યમાં ભાજપની સ્પષ્ટ લહેર જોવા મળી**

મુંબઈ, તા. ૧૬

મહારાષ્ટ્રના રાજકારણમાં નગર નિગમ ચૂંટણીએ મોટો રાજકીય બદલાવ નોંધાવી દીધો છે. રાજ્યની ૨૯ નગર નિગમોની ચૂંટણીના પરિણામ જાહેર થઈ ચુક્યા છે અને આ પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ સ્પષ્ટ લીડ બનાવતા વિપક્ષને મોટો ઝટકો આપ્યો છે. આંકડા અનુસાર, ભાજપે મુંબઈ સહિત ૨૧ નગર નિગમ પર કબજો કરી લીધો છે. જ્યારે શિવસેના (શિંદે જૂથ), કોંગ્રેસ અને શિવસેના (ઠાકરે જૂથ)ને મર્યાદિત સફળતા મળી શકે છે.

સૌથી મોટો ઝટકો શિવસેના (ઠાકરે જૂથ)ને લાગ્યો છે, જેને મુંબઈમાં ૨૫ વર્ષો બાદ સત્તા ખોવાનો વારો આવ્યો છે. એક સમયે મહાનગરોની રાજનીતિમાં મજબૂત પકડ ધરાવતી કોંગ્રેસ પણ આ ચૂંટણીમાં ખાસ કંઈ પ્રભાવ છોડી શકી નથી.

મતગણતરીના પરિણામો બતાવે છે કે રાજ્યમાં ભાજપની સ્પષ્ટ લહેર જોવા મળી રહી છે. ભાજપે ન ફક્ત મુંબઈમાં સત્તા મેળવી છે, પણ પુણે, નાગપુર, નાસિક જેવા મોટા શહેરો અને રાજકીય રીતે મહત્ત્વના શહેરો પર પોતાનું વર્ચસ્વ બનાવી રાખ્યું છે.

આ સીટો પર ભાજપની જીત

મુંબઈ, નવી મુંબઈ, મીરા-ભયંદર, ઉલ્હાસનગર, પનવેલ, પુણે, પિંપરી-ચિંચવડ, ઈચલકરંજી, સાંગલી-મિરાજ-કુપવાડ, કોલ્હાપુર, સોલાપુર, નાગપુર, અકોલા, અમરાવતી, નાસિક, ધુલે, જલગાંવ, અહિલ્યાનગર, જાલના, નાંદેડ-વાધાલા, છત્રપતિ સંભાજીનગર

શિવસેના (શિંદે જૂથ): થાણે-કલ્યાણમાં ગઢ જાળવી રાખ્યો

મુખ્યમંત્રી એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેનાએ બે સીટો પર દબદબો જાળવી રાખ્યો છે.

થાણે, કલ્યાણ ડોમ્બિવલી

કોંગ્રેસને આ વખતે ૩ નગર નિગમોમાં સફળતા મળી છે

લાતૂર-એકલા દમ પર સત્તા મેળવી

ભિવંડી-નિઝામપુર-એકલા દમ પર સત્તા ચંદ્રપુર-શિવસેના (યુબીટી) સાથે ગઠબંધનમાં સરકારઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળા જૂથને ખાલી પરભણી નગર નિગમમાં સફળતા મળી છે. જ્યાં કોંગ્રેસના સમર્થનથી સત્તા બની છે. કૂલ મળીને ઠાકરે જૂથનો શહેરી પ્રભાવ આ ચૂંટણીમાં નબળો પડ્યો છે. વસઈ-વિરાર નગર નિગમમાં બહુજન વિકાસ અઘાડીએ ફરી એક વાર પોતાની મજબૂત પકડ બનાવી છે. લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ આ જીત મ્ફછ માટે રાજકીય રીતે મહત્ત્વની માનવામાં આવી રહી છે.

માલેગાંવ નગર નિગમમાં કોઈ પણ પાર્ટીને સ્પષ્ટ બહુમત મળતો નથી દેખાતો. આવા સમયે અપક્ષ ઉમેદવાર કિંગમેકરની ભૂમિકામાં આવી ગયા છે. હવે માલેગાંવના મેયર કોણ હશે, એ સંપૂર્ણપણે એ વાત પર નિર્ભર છે કે અપક્ષ કઈ પાર્ટીને ટેકો આપે છે.

# કોઈને તો રિસ્ક લેવું જ પડશે, નુકસાન થશે તો મારું થશે :વડાપ્રધાન મોદી

નવી દિલ્હી, તા. ૧૬

દિલ્હીના ભારત મંડપમ ખાતે રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના યુવા ઉદ્યોગસાહસિકોને સંબોધ્યા હતા. પીએમ મોદીએ સ્ટાર્ટઅપ ઈન્ડિયા મિશનના ૧૦ વર્ષની ઉજવણીના આ અવસરે ભારતના યુવાનોની જોખમ લેવાની ક્ષમતાના ભારોભાર વખાણ કર્યા હતા અને પોતાના રાજકીય જીવનના અનુભવો પણ શેર કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટાર્ટઅપના સ્થાપકો સાથે પોતાની સરખામણી કરતા જણાવ્યું કે, તમારી જેમ મને પણ જોખમ લેવાનું ગમે છે. મેં મારા રાજકીય ભવિષ્યને દાવ પર લગાવીને એવા નિર્ણયો લીધા છે જે રાષ્ટ્રીય હિતમાં હતા. અગાઉની સરકારો જે કામો ચૂંટણી હારવાના ડરથી કે ખુરશી ગુમાવવાના ડરથી નહોતી કરતી, તે મેં મારી જવાબદારી સમજીને કર્યા છે. દેશના ફાયદા અંગે વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, દેશ માટે જે જરૂરી છે તે કોઈએ તો કરવું જ પડશે. જો નુકસાન થશે તો મારું જશે, પણ જો ફાયદો થશે તો દેશના કરોડો પરિવારોનો થશે.

છેલ્લા એક દાયકામાં દેશમાં આવેલા બદલાવ પર ભાર મૂક્યો પીએમ મોદીએ જણાવ્યું હતુ કે, આજે ભારતમાં ૧૨૫ એક્ટિવ યુનિકોર્ન છે, જે ૨૦૧૪માં ફક્ત ચાર હતા. આજના સ્ટાર્ટઅપ્સ યુનિકોર્ન બની રહ્યા છે. આ ખૂબ જ સારા સમાચાર છે. હવે દેશનો યુવાન માત્ર માસિક પગારના કમ્ફર્ટ ઝોનમાં રહેવા માંગતો નથી. સમાજમાં પણ હવે રિસ્ક લેનારાઓનું સન્માન થઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૦ વર્ષ પહેલાની સ્થિતિ યાદ અપાવતા કહ્યું કે, તે સમયે વ્યક્તિગત નવીનતા માટે બહુ જગ્યા નહોતી. પરંતુ હાલમાં સરકારે એવી ઈકોસિસ્ટમ તૈયાર કરી છે જે નવીનતાને પ્રોત્સાહન આપે છે. ભારતના યુવાનો આજે માત્ર સમસ્યાઓ વિશે વાત નથી કરી રહ્યા, પરંતુ તેના ઉકેલ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. આગામી દાયકો ભારતીય સ્ટાર્ટઅપ્સનો રહેશે અને તે ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

# સાવરકુંડલામાં ઠાકોર સેનાની કારોબારી બેઠક મળી



સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલામાં ગુજરાત ક્ષત્રીય ઠાકોર સેનાની કારોબારી મિટિંગ મળી હતી, જેમાં સમાજના વિકાસ બાબતે મહત્વપૂર્ણ ચર્ચાઓ કરવામાં આવી હતી. આવનારી ચૂંટણીઓમાં સક્રિય ભૂમિકાઓમાં રહેવા અને સમાજનો રાજકીય બાબતોમાં આગળ આવવા હાંકલ કરવામાં આવી હતી. ખાસ, અમરેલી જિલ્લા પ્રમુખ મથુરજી ઠાકોર સાહેબે આગામી ૨૬મી જાન્યુઆરીના દિવસે ગાંધીનગરમાં રાતના ૩ વાગ્યાની મિટિંગમાં અને ઠાકોર સમાજનું 'સરસ્વતી ધામ'ના ભૂમિપૂજનમાં પધારવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું હતું. સમાજમાં વ્યસનમુકિતના કાર્યક્રમો, શિક્ષણમાં કેવી રીતે આગળ આવવું અને ઠાકોર સેના સમાજને કઈ રીતે મદદ કરશે એમની વાત કરવામાં આવી તેમજ સમાજ અંધશ્રધ્ધામાંથી બહાર આવી શિક્ષણ તરફ વળે તેવી વાત કરવામાં આવી હતી. આ કારોબારીની મિટિંગમાં સાવરકુંડલા તાલુકાના મોટા ઝિંઝુડા, નાના ઝીંઝુડા, પીઠવડી, વંડા, સેંજળ, ભેંકરા, મેકડા, ફીફાદ, શેલણા, વિરડી, નાળ, ઠવી, ભુવા, જુનાસાવર, ખડકાળા, બોરાળા, ધજડી, સાકરપરા, મિતિયાળા, ગીણીયા બગોયા, ખોડિયાણા, બાઠડાના મહત્વના હોદ્દેદારોએ હાજરી આપી હતી. આ તકે અમરેલી જિલ્લા પ્રમુખ ઠાકોર સેના – મથુરજી ઠાકોર, જિલ્લા ઉપપ્રમુખ સંજય પરમાર, જિલ્લા ઉપપ્રમુખ તેમજ મોટા ઝિંઝુડા ગામના સરપંચ પંકજ ઉનાવા, લાલજીભાઈ મકવાણા, વિપુલ પીપળવા વગેરે મહેમાનોએ ઉત્સાહભેર હાજરી આપી હતી.

# દુધાળા પશુઓનાં આહાર વિષયક સૂચિ



અમરેલી, તા. ૧૬

શરીરના નિભાવ માટે ગાયને એક કિલો તથા ભેંસ ગાયને બે કિલો સમતોલ દાણ આપવું જોઈએ.

પાંચ માસની ગાભણ અવસ્થા પછી દૈનિક એક થી દોઢ કિલો વધારાનું દાણ આપવું જોઈએ.

પશુને ખોરાકમાં નિયમિત ત્રીસ ગ્રામ જેટલું ક્ષાર મિશ્રણ અને ૨૫ ગ્રામ મીઠું આપવું જોઈએ.

દુધાળા પશુને સામાન્ય રીતે દૈનિક ૨૦ કિલો લીલોચારો તથા આઠથી દશ કિલો સૂકો ચારો આપવો જોઈએ.

કઠોળ વર્ગમાં રજકા જેવો ઘાસચારો, પૂરતા પ્રમાણમાં આપવાથી, દુધ ઉત્પાદન ઘટાડ્યા સિવાય, ખાણદાણનો ખર્ચ ઘટાડી શકાય છે.

ધાન્ય વર્ગના ચારા જેવા કે મકાઈ, જુવાર, ઓટ, બાજરી, સેઢા–પાળાના ઘાસ છે. જયારે કઠોળ વર્ગના ચારા જેવા કે રજકો, ગુવાર, ચોળા, બરસીમ અને દશરથ ઘાસ છે.

ફકત લીલાચારામાં જ વિટામીન ''એ'' તથા અન્ય વિટામીન્સ હોઈ પ્રજનન પ્રક્રિયા નિયમિત બને છે અને નિયમિત વિયાણ થાય છે.

પશુઓમાં વરોળપણું અને રતાંધળાપણું અટકાવી શકાય છે.

ક્ષાર અને પોષક તત્વ પ્રમાણસર હોવાથી તંદુરસ્તી અને ઉત્પાદન જાળવી શકાય છે.

પશુને હંમેશા જિલ્લા સંઘ દ્વારા બનાવાતું સમતોલ દાણ આપો. આ દાણ પશુને જરૂરી બધા પોષક તત્વો ધરાવતું હોય છે તથા સસ્તું હોય છે.

**– મિતલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# અમરેલી : ચિતલ રોડ વોર્ડ નં. ૨ ખાતે બહુચર ગાથાની પૂર્ણાહુતિ, મંત્રી કૌશિક વેકરિયા હવન યજ્ઞમાં ઉપસ્થિત



અમરેલી, તા. ૧૬

અમરેલી શહેરના ચિતલ રોડ સ્થિત વોર્ડ નંબર ૨ ખાતે સિદ્ધિવિનાયક મહિલા મંડળ દ્વારા આયોજિત બહુચર ગાથાની પૂર્ણાહુતિ સમારોહનો ભકિતમય માહોલમાં આયોજન કરવામાં આવ્યું હતુ. આ ધાર્મિક કાર્યક્રમ અંતર્ગત હવન યજ્ઞ યોજાયો હતો, જેમાં મંત્રી કૌશિક વેકારીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

હવન યજ્ઞ દરમિયાન મંત્રોચ્ચાર અને વૈદિક વિધિ સાથે માતા બહુચરજીની આરાધના કરવામાં આવી હતી. મંત્રી કૌશિક વેકારીયાએ હવનમાં આહુતિ અર્પણ કરી માતાજીના આશીર્વાદ પ્રાપ્ત કરવાનો સુઅવસર મેળવ્યો હતો. તેમણે સિદ્ધિવિનાયક મહિલા મંડળની કામગીરીને બિરદાવતાં જણાવ્યું હતું કે આવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો સમાજમાં એકતા, સભ્દાવના અને આધ્યાત્મિક ચેતનાનો સંચાર કરે છે.

કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, મહિલા મંડળની બહેનો તેમજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હાજર રહ્યા હતા. સમગ્ર વિસ્તારમાં ભકિતરસ છવાઈ ગયો હતો અને માતાજીના જયકારો સાથે વાતાવરણ પાવન બન્યું હતું. બહુચર ગાથાની પૂર્ણાહુતિ પ્રસંગે પ્રસાદ વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સ્થાનિક રહેવાસીઓએ આવા કાર્યક્રમોથી સમાજમાં સકારાત્મક ઊર્જા ફેલાતી હોવાનું જણાવતાં આયોજકોનો આભાર વ્યકત કર્યો હતો.

**ધારાસભ્ય મહેશ કસવાલાની જહેમત બાદ**

# સાવરકુંડલા પંથકમાં રૂપિયા ૧૨.૭૨ કરોડનાં વિકાસકાર્યોનુ ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ

**ગ્રામ સચિવાલય, માર્ગો, સીએચસીનુ નિમાર્ણ કરાશે**



સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા લીલીયા મત વિસ્તારના ધારસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે સાવરકુંડલા તાલુકાના ગામોમાં ૧૨.૭૨ કરોડના વિકાસના કામોનું ખાતમૂહર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું. જેમાં વીજપડી ગામે ૬.૬૦ કરોડના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ નવું સી.એચ.સી (કમ્યુનિટી હેલ્થ સેન્ટર) નિર્માણ થનાર છે, જેનાથી આસપાસના ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને આરોગ્ય સુવિધાઓ નજીકમાં મળશે. જાંબુડા –હાડીડા રસ્તાનું (સી.સી કામ,નાળાનું તેમજ ડામરનું કામ) ૧.૨૨ કરોડના ખર્ચે બનેલ રોડનું જાંબુડા ગામેથી લોકાર્પણ કરવામાં આવ્યું, હાડીડા–દાધિયા રિસરફેસિંગ રોડ ૭૦ લાખ બનશે, હાડીડા ગામે નવી ગ્રામ સચીવાલય ૧૭.૯૦ લાખના ખર્ચે બનશે, મધ્યાન ભોજન શેડ ૨.૫૦ લાખ તેમજ કોમ્યુનીટી હોલ ૫ લાખ લોકાર્પણ કરવામાં આવ્યું કુલ ૯૫.૪૦ લાખના કામો ખાતમૂહર્ત તેમજ લોકાર્પણ કરવામાં આવ્યું, દાઘીયા–વણોટ (બ્રીજ અને રસ્તાના રીસ્ફેસિંગ) ૧.૫૦ કરોડ બનશે જેનું દાધિયા ગામે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું, ઘાંડલા–વણોટ રોડ (રીસ્ફેસિંગનું) ખાતમુહૂર્ત ૧.૪૦ કરોડ તેમજ વણોટ–ચીખલી રોડ (રિસરફેસિંગ) ૧.૦૫ કરોડના ખર્ચે બનેલ જેનું લોકાર્પણ વણોટ ગામેથી કરવામાં આવ્યું.આ વિકાસ કાર્યક્રમમાં તાલુકા પંચાયત સદસ્યઓ, જિલ્લા પંચાયત સદસ્યઓ, તાલુકા સંગઠન હોદ્દેદારો, સહકારી આગેવાનો, ગ્રામ પંચાયતના સરપંચો, ગ્રામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**સ્થાનિક પીઆઈને આવેદનપત્ર પાઠવ્યુ**

# લીલીયા મોટાનાં ચકચારી બનેલ બોર્ડ પ્રકરણને લઈને ''આપ''ની નારાજગી

**પત્રકારો અને આગેવાનોને બદનામ કરાતા નારાજગી**



લીલીયા, તા. ૧૬

લીલીયા મોટાનાં પી.આઈ.ને આમ આદમી પાર્ટીએ આવેદન પત્ર પાઠવેલ છે.

આવેદન પત્રમાં જણાવેલ છે કે, લીલીયા ગામે એક જાહેર બોર્ડ મૂકવામાં આવેલ છે તેમાં લીલીયાના નેતા તેમજ પત્રકાર તેમજ ગામના લોકો વિશે અપ શબ્દનો પ્રયોગ કરી ગામના નેતા પત્રકાર તેમજ ગામના લોકોની લાગણીને ઠેસ પહોંચાડવાનો પ્રયત્ન કરવામાં આવેલ હોય તો આવા હલકી માનસિકતા ધરાવતા માણસ સામે કાયદેસરની કાર્યવાહી કરવી અને જે નેતા સામે વાંધો હોય એવાં નેતાના નામ બોર્ડ પર લખવા જોઈએ કોઈ પત્રકાર સાથે કોઈ વાંધો હોય તો તેના નામ લખવા જોઈએ નહીં કે આવી રીતે કોઈને બદનામ કરવા જોઈએ. તેમ અંતમાં જણાવેલ છે.

# વંડા : પી.પી.એસ. હાઈસ્કુલ ખાતે પરીક્ષાલક્ષી ક્વિઝ સ્પર્ધા યોજાઈ



વંડાની પી.પી.એસ. હાઈસ્કૂલમાં શાળાના ભૂતપૂર્વ ગ્રંથપાલ જી.એ. બદામીભાઈએ શાળાને અર્પણ કરેલ ફંડમાંથી ખૂબ જ જ્ઞાન સભર ધોરણ ૧૦ની પરીક્ષાલક્ષી ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧૦ના ગુજરાતી, અંગ્રેજી, ગણિત, સામાજિક વિજ્ઞાન અને સંસ્કૃત વિષયો પર સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા સીલેકશન કરી Rapid, Fire, Round, Pop Quiz, Mixed Bag, The Big Brain Round, Quick Thinkers વિગેરે રાઉન્ડની ક્વિઝ કોમ્પીટીશનનું રસપ્રદ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાંથી ૧૦ વિદ્યાર્થી ભાઈ બહેનોની પસંદગી કરી તેમને ''ભકત નરસૈયો, કૌટીલ્ય, ડો.અબ્દુલ કલામ, કલામ, આર્યભટ્ટ અને બર્નાડ શો જેવા'' પાંચ ગ્રુપોમાં વિભાજીત કરવામાં આવેલ તેમાં વઘાસીયા પ્રિયાંશી,બાવળિયા અસ્મા, સોલંકી ખુશી, વાળદોરીયા નૈના, વાંક મહેરી, નાગહ રેન્સી, પરમાર મયુરી, સાકરીયા શિવાંગી, ધાખડા મિનલ, બોરીચા સંજના, ખટાણા ગોપી અને વડેચા કિંજલ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્યાણકોમાં જજ તરીકેની ભુમિકા પ્રવીણભાઈ ઝીંઝુવાડીયા તેમજ જગજીવનભાઈ ગજેરાએ નિભાવી હતી. સાથે ભારતિય સંસ્કૃતિના સનાતન ધર્મના મહાન ગ્રંથ રામાયણ અને મહાભારતની ઓડીઅન્સ પ્રશ્નોત્તરી સ્પર્ધાનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું સમગ્ર કાર્યક્રમનું સંચાલન રોહીતભાઈ ઓઝા તેમજ પ્રહલાદભાઈ ચૌહાણેએ સંભાળ્યું હતું. પ્રથમ ક્રમે બર્નાડ શો ગ્રુપના વાંક મહેરી, નાગહ રેન્સી બહેનો પ્રથમ વિજેતા બન્યા હતા. ક્વિઝના વિજેતા ગ્રુપોને શ્રીજી સ્ટેશનરી વંડા તેમજ જી.એ. બદામીભાઈ તરફથી વિવિધ ઈનામો તેમજ કર્મયોગ ગ્રુપ દ્વારા પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

હવે... બદલાશે સારવારની પરીભાષા
(ગોળ હોસ્પિટલ)
24/7 Emergency Services
કાર્યરત વિભાગો
આયુષ્માન કાર્ડ અંતર્ગત તદ્દન મફત ઓપરેશન
યુરોલોજી (કિડની - પથરી - પ્રોસ્ટેટ) | આયુર્વેદ વિભાગ | પીડીયાટ્રીક્સ (બાળરોગ)
ક્રિટીકલ કેર અને મેડિસિન | ઈ.એન.ટી (કાન-નાક -ગળા) | આંખ વિભાગ
લેબોરેટરી | જનરલ સર્જરી | ગાયનેક અને આઈ.વી.એફ
ડાયાલિસીસ વિભાગ | સ્કિન વિભાગ (ચામડીના રોગ) | દાંત વિભાગ
ઓર્થોપેડિક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ | ફિઝીયોથેરાપી વિભાગ
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## જાફરાબાદનાં ધારાબંદર ગામે ડંકા (લેન્ડીંગ પોઈન્ટ) પરથી ૩૨૫૯ બોટલ કબ્જે

# જિલ્લાનાં દરિયાઈ માર્ગે બોટ દ્વારા થતી વિદેશી દારૂની હેરફેર ઝડપાઈ

**ગાંધીનાં ગુજરાતમાં દારૂનું દુષણ ફેલાવી તગડી કમાણી કરવા માટે બુટલેગરો અવનવી તરકીબ અજમાવે**

**બોટ દ્વારા ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો લાવી અન્ય વાહનમાં કરાતી હેરફેર ઝડપાઈ**

**બોલેરો પીકઅપ નં. જી.જે.-૩૨ ટી-૧૦૦૯નાં ચાલક/માલીકની શોધખોળ શરૂ**

**પોલીસ અધિક્ષકનાં માર્ગદર્શનતળે સ્થાનિક પીઆઈ, પીએસઆઈ સહિતનાં સ્ટાફે ઉમદા કાર્ય પાર પાડયુ**






અમરેલી, તા. ૧૬

ભારતીય બનાવટની અલગ અલગ બ્રાન્ડની નાની મોટી વિદેશી દારૂની કુલ બોટલ નંગ-૩૨૫૯ જેની કિંમત રૂા. ૯,૩૫,૦૪૩ તથા મહેન્દ્રા બોલેરો પીકઅપ વાહન જેના આરટીઓ રજી. નં. જી.જે.-૩૨ ટી-૧૭૦૭ જેની કિંમત. રૂા. ૩,૫૦,૦૦૦ મળી કુલ કિંમત રૂા. ૧૨,૮૫,૦૪૩નો મુદામાલ જાફરાબાદ મરીન પોલીસ ટીમે જડપી લીધેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાંથી દારૂની બદીને દુર કરવા પ્રોહિબીશનના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને

અનુસંધાન પાના ૬ ઉપર

## સ્થાનિક વિસ્તારમાં રહેતા રાકેશ કાતરીયા વિરૂધ્ધ ફરિયાદ

# રાજુલાની એક યુવતી સાથે પરિચય કેળવી દુષ્કર્મ આચરી બદનામ કરવાનો પ્રયાસ

**સ્થાનિક પીઆઈએ ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૬

રાજુલા ગામે રહેતી એક ૨૫ વર્ષીય યુવતિને રાજુલા ગામે રહેતાં આરોપી રાકેશભાઈ લાખાભાઈ કાતરીયાએ ઈન્સ્ટાગ્રામ ઉપર ફોલો કરી અને યુવતીની તમામ માહિતી મેળવી લઈ અને આ યુવતી રાજકોટ ખાતે અભ્યાસ કરતી હોય તે દરમ્યાન રાજુલા ખાતે વેકેશનમાં આવેલ હોય ત્યારે સને-૨૦૨૧ની સાલમાં આરોપી યુવતીને મળેલ અને ગુન્હાહિત ધમકી આપી આ યુવતીને આરોપી પોતાના ઘરે લઈ જઈ યુવતિને છરી બતાવી તેણીની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધી અને મુંઢ માર મારેલ હતો.

આ યુવતી રાજકોટ કોલેજમાં હોય તે દરમ્યાન આરોપી રાજકોટ જઈને ગુન્હાહિત ધમકી આપી એક દિવસ રાજકોટ ખાતે એક હોટલમાં લઈ ગયેલ હતો. અને ત્યાં તેણીની સાથે તેણી મરજી વિરૂધ્ધ શરીર સબંધ

અનુસંધાન પાના ૬ ઉપર

## કોઈ અનામી વ્યકિતનું કારસ્તાન

# લીલીયા મોટા ખાતે પત્રકારોની પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાનો પ્રયાસ

**પત્રકારોએ પીઆઈને અરજી આપી**



લીલીયા, તા. ૧૬

લીલીયા મોટા પત્રકાર સંઘે આજે સ્થાનિક પીઆઈને આવેદન પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે,

અનુસંધાન પાના ૬ ઉપર

## ખેડુતોને મહેનતનું વળતર મળવુ શરૂ

# સાવરકુંડલા ખાતે માર્કેટયાર્ડમાં નવા ધાણાની આવક શરૂ થઈ : ભાવ પ્રતિ મણ રૂા. ૨૦૨૬

**ખેડૂતો તથા વેપારીઓને મોં મીઠું કરાવતાં ચેરમેન માલાણી**

અમરેલી, તા. ૧૬

સાવરકુંડલા માર્કેટયાર્ડમાં સિઝનના નવા ધાણા ધજડી ગામના ખેડુત ગોરધનભાઈ ધનજીભાઈ દેવાણીએ મહેતા ભરતકુમાર દલીચંદના કમીશનમાં વેચવા માટે આવેલ હતાં. સિઝનના નવા ધાણાની આવકના આજે શ્રી ગણેશ થયેલ હોય,



જેનું ચેરમેન દિપકભાઈ માલાણીના

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ સુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

"NAARI WELCOMES NEW TEAM MEMBER"
naari HOSPITAL
ડો. વિજય એચ.નાકરાણી
એમ.બી., ડી.જી.ઓ.
સ્ત્રી રોગ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
: અભ્યાસ :
MBBS: જી.એમ.ઈ.આર.એસ.મેડીકલ કોલેજ,વલસાડ
D.G.O.: સરકારી હોસ્પિટલ, ધોરાજી, રાજકોટ
:: અનુભવ ::
▪ ૨ વર્ષ સિવિલ હોસ્પિટલ - ધોરાજી ▪ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - અમરેલી
▪ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - સાવરકુંડલા ▪ ૨ વર્ષ હાલ નારી હોસ્પિટલ - અમરેલી
➜ ૫૦૦૦ + નોર્મલ તથા જોખમી ડીલેવરી ➜ ૧૫૦૦ + સિઝેરીયન
➜ ૫૦૦ + ગર્ભાશયની કોથળી તથા ગાંઠના ઓપરેશન
નારી હોસ્પિટલ
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૩૨૪
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

નગરપાલિકા - અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ- અમરેલી આયોજીત
એકલવ્ય રમતોત્સવ ( ૪.૦ ) - ૨૦૨૬
NIPUN BHARAT
ઉદ્દઘાટન સમારોહ
જે આભને આંબવા મથતા પૂષ્પ વાટિકાનાં મઘમઘતા પૂષ્પોમાં રહેલી પ્રતિભાને ખિલવવા, તેમના વ્યકિતત્વને વિકસાવવા અને તેમની આંખમાં રહેલી ઉંચી ઉડાનના સ્વપ્નોને સાકાર કરવાના હેતુથી કરવામાં આવેલ રમતોત્સવના ઉદ્દઘાટન કાર્યક્રમમાં પધારવા ભાવભર્યુ નિમંત્રણ છે...
અધ્યક્ષશ્રી
માન.શ્રી કૌશિકભાઈ વેકરીયા
કાયદો અને ન્યાય, ઉર્જા અને પેટ્રો કેમીકલ્સ ( મંત્રીશ્રી રાજ્યકક્ષા ) ગુજરાત
ઉદ્દઘાટકશ્રી
માન.શ્રી ભરતભાઈ સુતરીયા, સાંસદશ્રી, અમરેલી | માન.શ્રી હિરેનભાઈ હીરપરા, પ્રમુખશ્રી, પ્રદેશ ભાજપ કિસાન મોર્ચો | માન.શ્રી બીપીનભાઈ લીંબાણી, પ્રમુખશ્રી નગરપાલિકા, અમરેલી
મુખ્ય મહેમાનશ્રીઓ
માન.શ્રી મહેશભાઈ કસવાલા, ધારાસભ્યશ્રી, સાવરકુંડલા - લીલીયા
માન.શ્રી અતુલભાઈ કાનાણી, પ્રમુખશ્રી, જિલ્લા ભાજપ-અમરેલી
માન.શ્રી મુકેશભાઈ સંઘાણી, વાઈસ ચેરમેનશ્રી, અમરડેરી-અમરેલી
માન.શ્રી પી.પી. સોજીત્રા, પૂર્વ ચેરમેનશ્રી APMC-અમરેલી
માન.શ્રી મનીષભાઈ ધરજીયા, કારોબારી ચેરમેનશ્રી નગરપાલિકા-અમરેલી
માન.શ્રી જે.વી. કાકડીયા, ધારાસભ્યશ્રી, ધારી - બગસરા - ખાંભા
માન.શ્રી નારણભાઈ કાછડીયા, પૂર્વ સાંસદશ્રી, અમરેલી
માન.શ્રી ડો. ભરતભાઈ કાનાબાર, પૂર્વ પ્રમુખશ્રી, જિલ્લા ભાજપ-અમરેલી
માન.શ્રી બીનાબેન કાલેણા, ઉપપ્રમુખશ્રી નગરપાલિકા, અમરેલી
માન.શ્રી દિલીપભાઈ વાળા, દંડકશ્રી નગરપાલિકા, અમરેલી
માન.શ્રી શિતલબેન ઠાકર, શાસકપક્ષના નેતાશ્રી, અમરેલી
માન.શ્રી જનકભાઈ તળાવીયા, ધારાસભ્યશ્રી, લાઠી - બાબરા
માન.શ્રી અશ્વિનભાઈ સાવલીયા, ચેરમેનશ્રી, અમરડેરી-અમરેલી
માન.શ્રી મનીષભાઈ સંઘાણી, ચેરમેનશ્રી, જિલ્લા સહકારી સંઘ અમરેલી
માન.શ્રી વિજયભાઈ ચોટલીયા, પ્રમુખશ્રી શહેર ભાજપ અમરેલી
માન.શ્રી હેતલબેન વાઢેર, ચેરમેનશ્રી રમતગમત નગરપાલિકા, અમરેલી
ઉદ્દઘાટન સમારોહ
તારીખ : ૧૭/૦૧/૨૦૨૬
સમય : સવારે ૮:૩૦ કલાકે
સ્થળ
DLSS ગ્રાઉન્ડ, વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી
...નિમંત્રક...
આશિષ જોષી, શાસનાધિકારી | દામજી ગોલ, વાઈસ ચેરમેન | તુષાર જોષી, ચેરમેન
...સભ્યશ્રીઓ...
મેહુલ ધોરાજીયા-દિલીપસિંહ ઠાકોર-દિવ્યેશ વેકરીયા-નિકુ પંડયા-રસિક પાથર
નિખીલ આશર-ભાવેશ પરમાર-પરેશ દાફડા-મનિષ સિદ્ધપુરા-અતુલપુરી ગોસાઈ
તેમજ તમામ આચાર્યશ્રી તથા શિક્ષકગણ
સમાપન સમારોહ
જે આભને આંબવા મથતા પૂષ્પ વાટિકાનાં મઘમઘતા પૂષ્પોમાં રહેલી પ્રતિભાને ખિલવવા, તેમના વ્યકિતત્વને વિકસાવવા અને તેમની આંખમાં રહેલી ઉંચી ઉડાનના સ્વપ્નોને સાકાર કરવાના હેતુથી કરવામાં આવેલ રમતોત્સવના સમાપન કાર્યક્રમમાં પધારવા ભાવભર્યુ નિમંત્રણ છે...
અધ્યક્ષશ્રી
માન.શ્રી દિલીપભાઈ સંઘાણી
ચેરમેનશ્રી, ઈફકો, ગુજકોમાસોલ
મુખ્ય મહેમાનશ્રીઓ
માન.શ્રી વિકલ્પ ભારદ્વાજ, કલેકટરશ્રી, અમરેલી | માન.શ્રી પી. બી. પંડયા, ડી.ડી.ઓ.શ્રી, અમરેલી | માન.શ્રી સંજય ખરાત, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી
અતિથી વિશેષશ્રી
માન.શ્રી મહેશ નાકિયા, પ્રાંત ઓફિસરશ્રી, અમરેલી
માન.શ્રી કે.જે. જાડેજા, નીયામકશ્રી, ડી.આર.ડી.એ. અમરેલી
માન.શ્રી હરેશ તલાટી, મામલતદારશ્રી, અમરેલી
માન. જીતભાઈ દેસાઈ, નવનીત ઓટો, અમરેલી
માન.શ્રી એમ.બી. ગોહિલ, D.E.O.શ્રી, અમરેલી
માન.શ્રી પૂનમબેન કુમકીયા, જિલ્લા રમતગમત અધિકારી, અમરેલી
માન.શ્રી જી.એમ. સોલંકી, નાયબ જિલ્લા નિરંતર અધિકારી
માન.શ્રી ડી.એ. ગોહિલ, D.P.E.O.શ્રી, અમરેલી
માન. કે.ડી. વ્યાસ, પ્રાચાર્યશ્રી, જિ.શિ. તાલીમભવન, અમરેલી
માન.શ્રી વી.સી. રાઠોડ, ચીફ ઓફિસર, અમરેલી
માન.શ્રી વસંતભાઈ પેથાણી, કેમ્પસ ડાયરેકટર વિદ્યાસભા, અમરેલી
સમાપન સમારોહ
તારીખ : ૧૭/૦૧/૨૦૨૬
સમય : બપોરે ૦૩:૩૦ કલાકે
સ્થળ
DLSS ગ્રાઉન્ડ, વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ પરિવાર

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)